ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425


05 JANUARY, 2026 MONDAY



પેજ 2 ગીરનારમાં પ્લાસ્ટિક મૂક્તિ માત્ર કાગળ પર



પેજ 3 રણવીરની ફિલ્મમાં સાઉથની હિરોઈન



પેજ 7 પોરબંદર કલેક્ટરે બે બૂટલેગરને પાસા કર્યા




પેજ 5 ડભોઈ તાલુકાના પણશોલી ખાતે જાહેર સભામાં ચૈતર વસાવાએ સરકાર પર ચાબખાં માર્યા

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 290 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### તાઈવાન , ચીની રાજદૂતનો અમેરિકાને સ્પષ્ટ સંદેશ!

# પ્રાચીનકાળથી ચીનનો હિસ્સો, અમને એક થવાથી કોઈ નહીં રોકી શકે

## તાઇવાન ક્યારેય સ્વતંત્ર સાર્વભૌમ દેશ રહ્યો નથી, ભૂતકાળમાં નહી, વર્તમાનમાં નહી, ભવિષ્યમાં પણ નહી



• નવી દિલ્હી

ભારતમાં ચીનના રાજદૂત શૂ ફેઈહોંગે રવિવારે (4 જાન્યુઆરી, 2026) તાઈવાનને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે તાઈવાન પર ચીનના આકરા વલણને દોહરાવતા કહ્યું કે, 'તાઈવાન પ્રાચીન કાળથી જ ચીનનો ભાગ રહ્યું છે અને આ વાતને લઈને કોઈ વિવાદ કે બીજો વિચાર નથી. તાઈવાનથી જોડાયેલા ઈતિહાસ અને કાયદાકીય તથ્ય સંપૂર્ણ રીતે સ્પષ્ટ છે.' આ નિવેદન આપીને ચીને તાઈવાન અને અમેરિકા બંનેને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે.

ચીનના રાજદૂતે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી. જેમાં શૂ ફેઈહોંગે કહ્યું કે, 'પીપલ્સ રિપબ્લિક ઓફ ચીન (PRC)ની સરકારની સ્થાપના વર્ષ 1949ના ઓક્ટોબર મહિનામાં થઈ હતી. જેણે રિપબ્લિક ઓફ ચીનની સરકારની જગ્યા લેતા આખા ચીનનું પ્રતિબંધિત્વ કરનારી એકમાત્ર કાયદાકીય સરકાર તરીકે કામ સંભાળ્યું હતું.'

તેમના અનુસાર, 'સરકારમાં ફેરફાર છતાં ઈન્ટરનેશનલ કાયદાના વિષય તરીકે ચીનની સ્થિતિ નથી બદલાઈ. PCR સરકાર સ્વાભાવિક રીતે આખા ચીનની સંપ્રભુતાની માલિક છે અને તેનો ઉપયોગ કરે છે, જેમાં તાઈવાન પર સંપ્રભુતા પણ સામેલ છે.' તેમણે વધુમાં કહ્યું કે, 'ગૃહયુદ્ધ અને બહારી તાકાતોના હસ્તક્ષેપના કારણે જલડમરૂમધ્યના બંને કિનારાઓ વચ્ચે રાજનીતિક ટકરાવ બની રહ્યું, પરંતુ તેનાથી ચીનની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતા પર કોઈ અસર નથી પડી. ચીનનો વિસ્તાર ક્યારેય વિભાજીત નથી થયું.

તાઈવાન ચીનનો અભિન્ન હિસ્સો રહ્યો છે અને રહેશે.' ચીની રાજદૂતે એ પણ પુનરોચ્ચાર કર્યો કે, 'તાઈવાન ક્યારેય સ્વતંત્ર સાર્વભૌમ દેશ રહ્યો નથી, ભૂતકાળમાં નહીં, વર્તમાનમાં નહીં, ભવિષ્યમાં પણ નહીં. તાઈવાનમાં શાસક ડીપીપી વહીવટીતંત્ર ગમે તે નિવેદનો કે પગલાં લે, ચીનનું પુનઃ એકીકરણ અનિવાર્ય છે અને તેને કોઈ રોકી નહીં શકે.'

ચીનની 'વન ચાઈના' નીતિ અનુસાર તાઈવાન ચીનનો અવિભાજ્ય ભાગ છે. આ નીતિના કારણે અનેક દેશોએ તાઈવાનને સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી નથી. યુનાઈટેડ નેશન્સમાં પણ ચીનનું પ્રતિનિધિત્વ બેઈજિંગ કરે છે. જોકે, તાઈવાન અનેક દેશો સાથે અણૌપચારિક રાજનૈતિક અને આર્થિક સંબંધો જાળવી રાખે છે.

તાઈવાન છેલ્લા કેટલાક દાયકાઓમાં મજબૂત લોકશાહી વ્યવસ્થા તરીકે વિકસ્યો છે. અહીં નિયમિત ચૂંટણી, સ્વતંત્ર મીડિયા અને નાગરિક સ્વતંત્રતાઓ છે. તાઈવાનની જનતામાં પોતાની અલગ ઓળખ અને સ્વતંત્રતાની ભાવના વધુ મજબૂત બની છે. આ જ બાબત ચીન માટે સૌથી મોટી ચિંતા છે, કારણ કે તે તાઈવાનમાં વધતી સ્વતંત્રતાની માંગને પોતાના રાષ્ટ્રીય એકતાના માટે જોખમ તરીકે જુએ છે.

અમેરિકા સત્તાવાર રીતે 'વન ચાઈના' નીતિને માન્યતા આપે છે, પરંતુ તાઈવાનને સંરક્ષણ સાધનો પૂરા પાડે છે. અમેરિકા માને છે કે તાઈવાન જળમાર્ગમાં સ્થિરતા વૈશ્વિક વેપાર અને સુરક્ષા માટે અત્યંત મહત્વની છે. જાપાન, ઓસ્ટ્રેલિયા અને યુરોપીય દેશો પણ આ વિસ્તારમાં ચીનની વધતી આક્રમકતાને લઈને ચિંતિત છે. આ કારણે ચીન-તાઈવાન વિવાદ હવે વૈશ્વિક શક્તિઓ વચ્ચેના વ્યૂહાત્મક સંતુલનનો મુદ્દો બની ગયો છે. તાઈવાન વિશ્વમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન માટે અગત્યનું કેન્દ્ર છે. વિશ્વની અગ્રણી ચિપ ઉત્પાદક કંપનીઓ અહીં કાર્યરત છે. જો ચીન-તાઈવાન વચ્ચે સૈન્ય સંઘર્ષ થાય તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ભારે અસર પડી શકે છે. આર્થિક નુકસાન માત્ર આ બે પ્રદેશો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ સમગ્ર વિશ્વને તેની અસર સહન કરવી પડશે.

### ટ્રમ્પની ધમકી બાદ કોલંબિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ ઈમર્જન્સી બેઠક બોલાવી

# અમેરિકાની સામે પડશો તો માદુરો જેવા હાલ થશે : ડોનાલ્ડ ટ્રમ્પ

• કારાકાસ / વોશિંગ્ટન

અમેરિકન આર્મી વેનેઝુએલામાં અડધી રાતે આક્રમણ કરીને તેના પ્રમુખ નિકોલસ માદુરોને ઉઠાવી લાવ્યા પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, માદુરો સામે અમેરિકન કોર્ટમાં નાર્કો ટેરરિઝમ હેઠળ કેસ ચાલશે. ટ્રમ્પે કોલંબિયા, મેક્સિકોને પણ તેમના ત્યાં ડ્રગ્સની ફેક્ટરીઓ બંધ કરવા ચેતવણી આપી છે. ટ્રમ્પે દુનિયાને ધમકી આપી છે કે અમેરિકાની સામે પડશો તો માદુરો જેવા હાલ થશે. આ સિવાય વેનેઝુએલામાં 'સત્તા પલટા' અંગે ટ્રમ્પે કહ્યું કે, હવે વેનેઝુએલાને અમે 'ચલાવીશું', ત્યાંથી ક્રૂડ ઓઈલ ઉત્પન્ન કરીને અન્ય દેશોને વેચીશું. બીજીબાજુ અમેરિકાના હુમલામાં વેનેઝુએલામાં ૪૦ લોકો માર્યા ગયા હોવાનું સામે આવ્યું છે.

અમેરિકન આર્મીએ 'એબ્સોલ્યૂટ રિઝોલ્વ' નામથી ઓપરેશન ચલાવી વેનેઝુએલામાં આક્રમણ કર્યું અને તેના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નિ સિલિઆ ફ્લોરેસને ન્યૂયોર્ક ઉઠાવીને લઈ ગઈ. નિકોલસ માદુરોને હેલિકોપ્ટરમાં ન્યૂયોર્કના મેનહટન લઈ જવાયા. ત્યાં તેમની સામે નાર્કો ટેરરિઝમ હેઠળ કેસ ચલાવાશે. માદુરોને ન્યૂયોર્કના બ્રૂકલીન જેલમાં કેદ કરાયા છે, જ્યાં અમેરિકાના કુખ્યાત કેદીઓને રાખવામાં આવ્યા છે.

વેનેઝુએલા પર આક્રમણ પછી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે બપોરે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. વેનેઝુએલામાં માદુરોની ગેરહાજરીમાં ત્યાં શાસન કોણ સંભાળશે તે અંગે પોતાની યોજના જણાવતા ટ્રમ્પે કહ્યું કે, વેનેઝુએલાને હવે અમે 'ચલાવીશું', વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અમે 'સુધારીશું' અને અન્ય દેશોને વ્યાપક પ્રમાણમાં ઓઈલ વેચીશું. આ સાથે ટ્રમ્પે કોલંબિયા અને મેક્સિકોના પ્રમુખોને પણ તેમના ત્યાં ચાલતી ડ્રગ્સની ફેક્ટરીઓ બંધ કરવા ચેતવણી આપી હતી. ટ્રમ્પે દુનિયાના દેશોને પણ ધમકી આપી કે અમેરિકન સાર્વભૌમત્વ અને અમેરિકન જીવનને જોખમમાં મુકનારાના માદુરો જેવા હાલ થશે.

ટ્રમ્પ સરકારના વેનેઝુએલા પરના આક્રમણે દુનિયાને ૨૦૦૩માં ઈરાક પર અમેરિકાના આક્રમણ અને સત્તા પલટાની યાદ તાજી કરાવી દીધી હતી.

# હજુ પણ રૂ. ૫૬૬૯ કરોડની ૨૦૦૦ની નોટો પરત આવી નથી : આરબીઆઇ

• નવી દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૩માં સર્ક્યુલેશનથી બહાર કરવામાં આવેલ ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટ હજુ સુધી ૧૦૦ ટકા પરત આવી નથી.

૨૦૨૫ના અંત સુધીના આંકડા પછી આરબીઆઈએ જણાવ્યું છે કે હજુ પણ ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની ૨૦૦૦ રૂપિયાની નોટો પરત આવી નથી. એટલે કે આટલી રકમની નોટો હજુ પણ લોકો પાસે ઉપલબ્ધ છે. નોટો પરત લેવાની સુવિધા અપાઈ હોવા છતાં નોટો જમા કરાવવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. ૧૯ મે, ૨૦૨૩ના રોજ ૨૦૦૦ રૂપિયાની નોટ સર્ક્યુલેશનમાંથી બહાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે બજારમાં ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની ૨૦૦૦ની નોટ બજારમાં ઉપલબ્ધ હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કુલ ૯૮.૪૧ ટકા નોટો પરત આવી છે. હજુ પણ લોકો પાસે ૫૬૬૯ કરોડ રૂપિયાની ૨૦૦૦ની નોટો પડી છે.

સરકારે નોટ પરત લેવાનો નિર્ણય લીધો તે સમયે આ નોટો જમા કરાવવાની પ્રક્રિયા ઝડપી હતી. જો કે ત્યારબાદ આ પ્રક્રિયાની ઝડપ ઘટી ગઈ હતી. ૩૧ ઓક્ટોબરે, ૨૦૨૫ના રોજ બજારમાં ૫૮૧૭ કરોડની ૨૦૦૦ની નોટો બજારમાં ઉપલબ્ધ હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ૫૬૬૯ કરોડની ૨૦૦૦ની નોટો બજારમાં ઉપલબ્ધ હતી. એટલે કે છેલ્લા બે મહિનામાં ફક્ત ૧૪૮ કરોડ રૂપિયાની ૨૦૦૦ની નોટ જમા કરાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આરબીઆઈએ સ્પષ્ટતા કરી હતી કે સર્ક્યુલેશનથી બહાર કરવામાં આવેલ ૨૦૦૦ રૂપિયાની નોટ સંપૂર્ણપણે પરત આવતી નથી ત્યાં સુધી લિગલ ટેન્ડર બની રહેશે.

### ઊંઘમાં રહેલી કોર્પોરેશનની ફૂડ સેફ્ટી શાખા જાગી ગઈ

# ગાંધીનગર શહેરમાં પાણીપુરી અને ઠંડા પીણાની ૧૦૦થી વધુ લારી બંધ કરાવાઈ

• ગાંધીનગર

ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં ટાઈફોડના રોગચાળાને પગલે હવે મહાનગરપાલિકાની ફુડ સેફ્ટી શાખા ઊંઘમાંથી જાગી ગઈ છે અને તબેલાને તાળા મારવા માટે દોડી છે. આજે અન્ય વિભાગોને સાથે રાખીને ગાંધીનગરમાં પાણીપુરી અને ઠંડા પીણાની ૧૦૦થી વધુ લારીઓ બંધ કરાવી દેવામાં આવી હતી અને આગામી દિવસમાં આ ઝુંબેશ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં વધી રહેલા પાણીજન્ય રોગચાળા અને ખાસ કરીને ટાઈફોઈડના કેસોને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા આજે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મનપાની એસ્ટેટ શાખા અને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા



સંયુક્ત રીતે મેગા ડ્રાઈવ યોજીને શહેરના વિવિધ વિસ્તારોમાં ખુલ્લામાં ખાદ્યપદાર્થો વેચતી લારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે.

ફૂડ સેફ્ટી વિભાગ સાથે સંકલન સાધીને એસ્ટેટ શાખા દ્વારા આગામી સૂચના ન મળે ત્યાં સુધી, પાણીપુરી, બરફના ગોળા અને સોડા જેવી ચીજવસ્તુઓ વેચતા એકમોને બંધ રાખવાની કડક સૂચના આપવામાં આવી છે.

આ સઘન ઝુંબેશ અંતર્ગત તંત્ર દ્વારા કુલ ૧૦૦થી વધુ લારીઓ અને સ્ટોલ બંધ કરાવવામાં આવ્યા છે. જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાં ઉભી રહેતી ૭૫ જેટલી પાણીપુરી અને રગડાની લારીઓ, ૧૨ સોડા સેન્ટર, ૮ પ્રેમ મેવાડ ફ્રુટ સલાડ અને બદામ શેકના સ્ટોલ તથા ૬ બરફના ગોળાની લારીઓનો સમાવેશ થાય છે. આ તમામ એકમોને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે. આ કામગીરી સમગ્ર ગાંધીનગર વિસ્તારને આવરી લેતા હાથ ધરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે સેક્ટર ૨, ૩, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ઘ-૫ સર્કલ, સેક્ટર ૨૧, ૨૨, ૨૪, અક્ષરધામ વિસ્તાર, ડી-માર્ટ વિસ્તાર, સેક્ટર ૨૫ અને ૨૮ ગાર્ડન વિસ્તાર, તેમજ સેક્ટર ૨૬ અને ૨૭ નો સમાવેશ થાય છે. રોગચાળો કાબુમાં ન આવે ત્યાં સુધી આ પ્રકારની ઝુંબેશ યથાવત રાખવામાં આવશે.

# વડોદરામાં મરાઠી વસ્તી વધુ હોવા છતાં મેયર ગુજરાતી છે :રાજ ઠાકરે

### મુંબઈમાં 'મરાઠી મેયર' ની માંગ

• મુંબઇ

મુંબઈની BMC ચૂંટણી પહેલા ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના પક્ષે ગઠબંધન કર્યું છે. વર્ષોથી છૂટા પડેલા બે ભાઈઓ ફરી એક થયા છે. જે બાદ આજે બંને પક્ષોએ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. આજે રાજ ઠાકરે 20 વર્ષ બાદ મુંબઈના દાદરમાં શિવાજી પાર્ક સ્થિત 'શિવસેના ભવન' પહોંચ્યા.

શિવસેના ભવનમાં રાજ ઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને સંજય રાઉતે ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહાર કર્યા. રાજ ઠાકરેએ કહ્યું, કે 20 વર્ષ બાદ અહીં આવીને લાગે છે જાણે જેલની બહાર આવ્યો હોઉં. સૌ કોઈ મને પૂછી રહ્યા છે જે 20 વર્ષ અહીં આવીને કેવું લાગી રહ્યું છે. શિવસેના ભવન સાથે મારી ઘણી જૂની યાદો જોડાયેલી છે. મેં અહીં ઘણા દિવસ વિતાવ્યા. 1977માં શિવસેના ભવન બન્યું ત્યારે તે સમયની જનતા પાર્ટીએ અહીં પથ્થરમારો કર્યો હતો. અમારા શિવસૈનિકોએ તેમના પર ટ્યુબલાઈટ ફેંકીને જડબાતોડ જવાબ આપ્યો હતો.

મુંબઈના મેયરની ચૂંટણીમાં પણ રાજ ઠાકરેએ ગુજરાતને વચ્ચે લાવ્યા. તેમણે કહ્યું, કે વડોદરામાં મરાઠા સામ્રાજ્યનો ઈતિહાસ રહ્યો છે. છતાં ત્યાં દરેક મેયર ગુજરાતી જ હોય છે. તો પછી મુંબઈમાં કેમ એવો સવાલ ઊભો થાય છે કે મેયર મરાઠી હશે કે નહીં? મહારાષ્ટ્રના દરેક શહેરમાં મેયર મરાઠી જ હોવો જોઈએ. હું પહેલા પણ કહી ચૂક્યો છું, અમે હિન્દુ છીએ હિન્દી નહીં. રાજ ઠાકરેએ વધુમાં કહ્યું, કે કોઈ પણ સત્તામાં હંમેશા માટે નથી રહેતા. આજે જે સત્તામાં છે તે બહાર થશે ત્યારે શું કરશે? મહારાષ્ટ્રને યુપી-બિહાર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. જે મહારાષ્ટ્રના ભવિષ્ય માટે ખતરનાક છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, કે ખુશીની વાત છે કે અમને સાથે જોઈને સમગ્ર મહારાષ્ટ્ર આનંદિત છે. ભાજપના શાસનમાં લોકશાહી નથી બચી. પહેલા વોટ ચોરી થતી હતી, હવે ઉમેદવારો ચોરી થઈ રહ્યા છે. સત્તા પક્ષમાં ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ રહ્યા છે. વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકર વિરુદ્ધ પોલીસ ફરિયાદ થવી જોઈએ. તેઓ પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છે અને વિપક્ષના ધારાસભ્યો પર દબાણ બનાવી રહ્યા છે. જ્યાં જ્યાં સત્તા પક્ષના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા ત્યાં ફરી ચૂંટણી થવી જોઈએ.

### આ કોઈ નવી વાત નથી, તે પરંપરા બની રહી છે

# સત્તાનું હસ્તાંતરણ થાય ત્યાં સુધી તો અમેરિકા વેનેઝૂએલાનું તંત્ર ચલાવશે

નવી દિલ્હી : અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યાં સુધી વેનેઝૂએલામાં સત્તાનું સરળ હસ્તાંતરણ નહી થાય ત્યાં સુધી અમેરિકા વેનેઝૂએલાનું તંત્ર ચલાવશે. જો કે આ પૂર્વે તેઓએ તેમ પણ કહ્યું હતું કે ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રીગ્સ વચગાળાનાં પ્રમુખ બનશે અને ટૂંક સમયમાં ત્યાં ચૂંટણી યોજાશે. પરંતુ તેમાં ટ્રમ્પે અચાનક યુ-ટર્ન લઈ લીધો છે.

અમેરિકાનાં દળોએ વેનેઝૂએલાનાં પાટનગર અને પ્રમુખના મહેલનો કબ્જો લઈ પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્ની સિલિઆ ફલોરેસની ધરપકડ કરી તેમને ન્યૂયોર્ક લઈ જવામાં આવ્યાં જ્યાં તેમની ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવનાર છે. આ સંબંધે પત્રકાર પરિષદને કરેલાં સંબોધનમાં ટ્રમ્પે ખુલ્લેઆમ કહી દીધું હતું કે અમે તે દેશનું તંત્ર ચલાવીશું અને તે ત્યાં સુધી કે જ્યાં સુધી સલામત યોગ્ય અને ન્યાયસભર પરિસ્થિતિ યોજાય ત્યાં સુધી અમેરિકા માદુરો જેવું તંત્ર ત્યાં ફરી મૂળ ફેલાવે તે ચલાવી લેવા તૈયાર નથી. તેઓએ પોતાનાં કથનને પુષ્ટિ આપતાં ઈરાકનું ઉદાહરણ ટાંક્યું હતું અને કહ્યું કે ૨૦૨૩માં અમેરિકાએ પ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશના સમયમાં, ઈરાક ઉપર હુમલો કર્યો હતો. તેનો હેતુ વેપન્સ ઓફ માસ ડીસ્ટ્રક્શન (ડબલ્યુ એમ.ડી.) જે સદ્દામ હુસેન ધરાવતા હતા, તેનો નાશ કરવાનો હતો. ટ્રમ્પે તેમ પણ કહ્યું કે અમેરિકાએ તે આક્રમણ પછી ઈરાકનું તંત્ર કૉએલિએશન પ્રોવિઝનલ ઓથોરિટી (સીપી.એ.) દ્વારા હાથમાં લીધું હતું. જે સરળ રીતે સત્તાનું હસ્તાંતરણ થાય ત્યાં સુધી સંભાળ્યું હતું પરંતુ તે સાથે તે વચગાળાની સરકારે ઈરાકનાં પુનર્નિર્માણ માટે પણ કાર્ય કર્યું હતું.

# માદુરો ધરપકડ મામલે અમેરિકાની મુશ્કેલી વધી ! UNSCએ બોલાવી ઈમરજન્સી બેઠક

### સોમાલિયા બેઠકની અધ્યક્ષતા કરશે

• વોશિંગ્ટન

અમેરિકા દ્વારા વેનેઝુએલા પર કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી અને રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરો તથા તેમની પત્નીની ધરપકડ બાદ વિશ્વભરમાં ખળભળાટ ચાલી રહ્યો છે. આ ઘટના બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા સોમવારે એક ઈમરજન્સી બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સોમાલિયાની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સામેના જોખમો અંગે ચર્ચા કરવામાં આવશે.

વર્તમાન સમયમાં સોમાલિયા સુરક્ષા પરિષદનું રોટેટિંગ પ્રેસિડેન્ટ છે. કુલ 15 સભ્ય દેશો ધરાવતી આ કાઉન્સિલમાં અમેરિકાના પગલાં સામે રણનીતિ ઘડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કોલંબિયાના રાષ્ટ્રપ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ આ હુમલાને વેનેઝુએલાની સાર્વભૌમત્વ અને લેટિન અમેરિકાની સુરક્ષા વિરુદ્ધ ગણાવીને ઈમરજન્સી બેઠકની માંગ કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, કોઈ પણ દેશનો આંતરિક વિવાદ ત્યાંના લોકો દ્વારા જ ઉકેલાવો જોઈએ અને અમેરિકાની આ કાર્યવાહી UNના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર માદુરોની એક તસવીર શેર કરી હતી, જેમાં તેઓ 'USS ઈયો જિમા' નામક વોરશિપ પર જોવા મળ્યા હતા. ત્યારબાદ વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા એક વીડિયોમાં માદુરોને હથકડી પહેરાવેલી હાલતમાં ન્યાયિક પ્રક્રિયા માટે લઈ જવામાં આવતા બતાવવામાં આવ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઘટના પર ચિંતા વ્યક્ત કરતા ચેતવણી આપી છે કે, આ પ્રકારની કાર્યવાહી સમગ્ર પ્રદેશ માટે ગંભીર પરિણામો લાવી શકે છે. તેમના પ્રવક્તા સ્ટેફેન ડુજારિકે જણાવ્યું હતું કે, આ ઘટના એક ખતરનાક મિસાલ કાયમ કરે છે અને તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા તેમજ સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરનું પાલન કરવું જોઈએ. માદુરોની ધરપકડ બાદ વેનેઝુએલામાં રાજકીય સ્થિતિ ઝડપથી બદલાઈ છે. દેશની સુપ્રીમ કોર્ટે ઉપરાષ્ટ્રપ્રમુખ ડેલ્સી રોડ્રિગેઝને કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવાનો આદેશ આપ્યો છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# •સંક્ષીપ્ત સમાચાર

## હાઈપ્રોફાઈલ ગરબા 'સફેદ પરીંદે'ના મેનેજર સાથે 5 લાખનું ફ્રોડ

**ગાંધીનગર**

ગાંધીનગરના ઈન્ફોસિટી ક્લબ ખાતે આયોજિત નવરાત્રિ ઈવેન્ટમાં ટિકિટના પૈસા ચૂકવ્યા વગર છેતરપિંડી આચરવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અમદાવાદની એક મહિલા ઈવેન્ટ મેનેજરને વિશ્વાસમાં લઈ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કર્યાના ખોટા સ્ક્રીનશોટ મોકલી એક ગઠિયો 'સફેદ પરીંદે'ના 45 મોંઘાદાટ પાસ મેળવી રૂ.4.50 લાખનો ચૂનો લગાવી ગયો હોવાની ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ ચોપડે નોંધાઈ છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં રહેતા અને 'સફેદ પરીંદે ઈવેન્ટ મેનેજમેન્ટ' કંપની ચલાવતા નમ્રતાબેન પટવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત નવરાત્રિ દરમિયાન ઈન્ફોસિટી ક્લબ ખાતે તેમની કંપની દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભાઠેનામાં 5 કિલો ગાંજા સાથે બે સગા ભાઈઓ ઝડપાયા, 3 લાખનો ગાંજો જપ્ત

**સુરત**

ભાઠેના વિસ્તારમાંથી લાખોની કિંમતના ગાંજાના જથ્થા સાથે બે સગા ભાઈઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ કેસમાં ખાસ વાત એ છે કે, પકડાયેલ મુખ્ય આરોપી સિલાઈકામની આડમાં આ નશાનો કારોબાર કરતો હોવાનું બહાર આવ્યું છે. ઉધના પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાઠેના વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન જોગેશ્વરી ડેનિસ બેકરી રોડ પર આવેલ સાંઈનાથ સોસાયટી પાસે જાહેર રોડ પરથી શંકાસ્પદ હાલતમાં ઉભેલા બે ઈસમોને પોલીસે દબોચી લીધા હતા.તલાશી દરમિયાન પોલીસને આ શખસો પાસેથી 5 કિલો 001 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત આશરે 2,50,050 રૂપિયા થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓ સગા ભાઈઓ છે, જેમાં 33 વર્ષીય મોહમદ સદ્દામહુશેન અને 27 વર્ષીય મોહમદ નુરહુશેનનો સમાવેશ થાય છે. આ બંને આરોપીઓ મૂળ બિહારના સીતામઢી જિલ્લાના વતની છે અને હાલ ઉધના ભાઠેનાની પુષ્પાનગર સોસાયટીમાં રહે છે.આ કેસમાં મુખ્ય આરોપી મોહમદ સદ્દામહુશેનની પ્રોફાઈલ જોતા જાણવા મળ્યું છે કે, તે વ્યવસાયે સિલાઈકામ સાથે સંકળાયેલો છે. દિવસ દરમિયાન સિલાઈકામની આડમાં આ શખસો નશાના વેપારમાં સંડોવાયેલા હોવાની આશંકા છે.

**ખુલ્લા વાયરોને લીધે કોઈને કરંટ લાગે તો જવાબદારી કોની?**

# છોટાઉદેપુર કુસુમ સાગર તળાવમાં MCB ના ખુલ્લા બોક્સમાં વાયરો લટકતા જોવા મળ્યા

**છોટાઉદેપુર**

છોટાઉદેપુર નગર ની મધ્યમાં આવેલ કુસુમ સાગર તળાવ એ નગરની એક શોભા ગણવામાં આવે છે આ તળાવ ની ફરતે હાલ તંત્ર દ્વારા કરોડોના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું પરંતુ તંત્ર ની અમુક બેદરકારી સામે આવી રહી છે જે અંગે ધ્યાન આપવામાં આવે તેમ પ્રજા ઈચ્છી રહી છે

નગરની મધ્યમાં આવેલ વિશાળ કુસુમ સાગર તળાવ હાલમાં અંદાજે 3 કરોડ 50 લાખના ખર્ચે બ્યુટીફિકેશનની કામગીરી કરવામાં આવી અને તળાવને સુંદર બનાવવામાં આવ્યું જે વખાણવા લાયક બાબત છે પરંતુ અમુક ક્ષતિ કામગીરીમાં રહી ગઈ હોય તેમ લોકો જણાવી રહ્યા છે થાન તળાવમાં વોકિંગ ટ્રેક ઉપર બનાવવામાં આવેલા વીજ પોલ જેના એમસીબી બોક્સ ખુલ્લી હાલતમાં જોવા મળી રહ્યા છે.

આ બોક્સ ની પાસે વાયરો પણ ખુલ્લા જોવા મળી રહ્યા છે નવા બનાવેલા વોકિંગ ટ્રેક ઉપર નગરની પ્રજા ફરવા આવતી હોય જેની સાથે નાના બાળકો પણ હોય નાદાન બુદ્ધિના બાળકો આ બોક્સ તરફ જતા હોય અને તેને અડી લે તો કરંટ લાગવાની શક્યતાઓ રહેલી છે જે અંગે તંત્ર દ્વારા ધ્યાન આપીને આ બોક્સ બંધ કરી ફીટ કરવા જોઈએ એ જરૂરી છે. નગરની મધ્યનું કુસુમ સાગર તળાવ સુંદર બનાવવામાં આવ્યું જેનાથી નગરની શોભામાં ચાર ચાંદ લાગી ગયા છે પરંતુ આ તળાવની ફરતે બનાવવામાં આવેલા વોકિંગ ટ્રેક ઉપર જે થાંભલા છે જે ભલે લાઈબિલિટી પીરીયડ માં આવતું હોય તો નગરપાલિકા સાથે કોન્ટ્રાક્ટરની પણ જવાબદારી હોય કોન્ટ્રાક્ટરે આની તપાસ રાખી કામગીરી કરવાની હોય છે.

જો આ કામગીરી કોન્ટ્રાક્ટર ન કરે અને કાલ ઊઠીને કોઈ અનિચ્છનીય બનાવ બને કોણ માથે લે એ એક પ્રશ્ન થઈ પડ્યો છે.

**જીવદયા પ્રેમીઓમાં વન વિભાગ વિરુદ્ધ ભારે રોષ**


# ગિરનારમાં પ્લાસ્ટિક મુક્તિ માત્ર કાગળ પર?:જંગલમાં હરણ પ્લાસ્ટિકના ઢગલામાંથી ખોરાક ખાવા મજબૂર

**ઈકો સેન્સિટિવ ઝોનમાં આવતો હોવાથી હાઈકોર્ટ દ્વારા વર્ષો પહેલા અહીં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો**

**જુનાગઢ**

જૂનાગઢનો ગિરનાર પર્વત એટલે પ્રકૃતિ અને પરમેશ્વરનો અનોખો સમન્વય. વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ અહીં માં અંબા, ભગવાન દત્તાત્રેય અને જૈન દેરાસરોના દર્શને ઉમટી પડે છે પરંતુ, આ આસ્થાના કેન્દ્ર સમાન ગિરનારની પ્રકૃતિ હાલ ખતરામાં હોય તેમ લાગી રહ્યું છે. ગિરનાર પર્વત નજીકનો વિસ્તાર 'ઈકો સેન્સિટિવ ઝોન'માં આવતો હોવાથી હાઈકોર્ટ દ્વારા વર્ષો પહેલા અહીં પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જોકે, હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા દ્રશ્યો જોતા લાગે છે કે આ પ્રતિબંધ માત્ર કાગળ પર જ સીમિત રહી ગયો છે.

જૂનાગઢ વન વિભાગ અને સ્થાનિક તંત્રની કામગીરી પર સવાલ ઉઠાવતો એક ચોંકાવનારો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં ગિરનાર જંગલની સરહદ નજીક એક માસૂમ હરણ



પ્લાસ્ટિકના ઢગલામાં મોઢું મારીને ખોરાક શોધી રહ્યું હોય તેવા હૃદયદ્રાવક દ્રશ્યો કેદ થયા છે. આ વીડિયો સામે આવ્યા બાદ પ્રકૃતિ પ્રેમીઓ, પર્યાવરણ વિદો અને જીવદયા પ્રેમીઓમાં વન વિભાગ વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છેઅગાઉ પણ ત્રણથી ચાર વખત ગિરનારના જંગલી પશુઓ કચરાના ઢગલામાં પ્લાસ્ટિક ખાતા હોય તેવા વીડિયો જાહેર થઈ ચૂક્યા છે. સવાલ એ ઉભો થાય છે કે જ્યારે આવા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થાય ત્યારે જ વન વિભાગને કેમ જાગવું પડે છે? સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે પણ કોઈ વીડિયો ચર્ચામાં આવે ત્યારે વન વિભાગ પોતાની છબી સુધારવા અને ઉચ્ચ કક્ષાએ રિપોર્ટ મોકલવા માટે માત્ર એક કે બે દિવસ સાફ-સફાઈનું નાટક કરે છે, અને ત્યારબાદ સ્થિતિ ફરી ઠેરની ઠેર થઈ જાય છે.વાયરલ વીડિયોમાં દેખાતું હરણ તો માત્ર એક ઉદાહરણ છે, પરંતુ ગિરનારના વિશાળ જંગલ વિસ્તારમાં એવી અનેક જગ્યાઓ હશે જ્યાં પ્લાસ્ટિક અને કચરાના ઢગલા પડ્યા હશે. વન્યજીવો અજાણતામાં આ ઝેરી પ્લાસ્ટિક આરોગી રહ્યા છે, જેનાથી તેમના સ્વાસ્થ્ય અને અસ્તિત્વ પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. વન વિભાગ પાસે આ કચરાના નિકાલ માટે કોઈ કાયમી એક્શન પ્લાન હોય તેવું જણાતું નથી. ગિરનારની આસપાસના વિસ્તારોમાં સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓની સતત અવરજવર રહે છે.

# સુરત ટ્રાફિક પોલીસની ક્રેનના કર્મીઓની દાદાગીરી વાહન ઉઠાવવાને બદલે યુવકને જ ક્રેનમાં બેસાડી દીધો



**સુરત**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં ટ્રાફિક પોલીસની કોન્ટ્રાક્ટ પર ચાલતી ક્રેનના કર્મચારીઓની ગુંડાગીરીનો એક ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. સામાન્ય રીતે ક્રેન નો-પાર્કિંગમાં રહેલા વાહનો ઉઠાવવાનું કામ કરતી હોય છે, પરંતુ વરાછાના માતાવાડી વિસ્તારમાં વાહન ઉઠાવવા આવેલી ક્રેનના કર્મચારીઓ વાહનને બદલે વીડિયો ઉતારી રહેલા એક યુવકને જ ઉઠાવીને ક્રેનમાં બેસાડી દેતા ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની વિગતો મુજબ, જ્યારે ટ્રાફિક ક્રેનના કર્મચારીઓ વાહન ઉઠાવવાની કામગીરી કરી રહ્યા હતા, ત્યારે ત્યાં ઉપસ્થિત એક યુવકે કર્મચારીઓની કાર્યપદ્ધતિનો મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. આ વાતથી ઉશ્કેરાયેલા ક્રેન કર્મચારીઓએ યુવક સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને જોતજોતામાં મામલો ઝપાઝપી સુધી પહોંચી ગયો હતો. કર્મચારીઓએ જાહેરમાં યુવક સાથે ગેરવર્તન કર્યું અને બળજબરીપૂર્વક તેને પકડીને પોલીસ ક્રેનમાં બેસાડી દીધો હતો.

**• આમોદ નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે 48ની દુર્દશા જોવા મળી રહી છે**

# આમોદ નજીકના હાઈવે પર ગટરો તકલાદીવાહનો ખાબકવાના બનાવો વધી ગયાં

**ઘોઘંબાના કરાડ ડેમમાં નવાં નીર આવતાં સપાટી 152 ફૂટ પર પહોંચી**

**આમોદ**

આમોદ નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે 48ની દુર્દશા જોવા મળી રહી છે. રસ્તાની સાથે સાથે સાઈડમાં બનાવવામાં આવેલી ગટરોની કામગીરી પણ તકલાદી નીકળી છે. તકલાદી ગટરોમાં વાહનો ખાબકી રહયાં છે તેમજ માનવીઓ અને aપશુઓ પણ પડી જાય તેવો ભય રહેલો છે. આમોદ નગરમાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર 64 પર વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. હાઈવે પર આવેલી ગટરો લાંબા સમયથી તૂટેલી હાલતમાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવનું જોખમ ઊભું થયું છે. આ માર્ગ પરથી પસાર થતા અનેક ભારદારી વાહનો અને રાહદારીઓ આ ખુલ્લી ગટરોમાં પટકાયા હોવાના બનાવો પણ બન્યા છે. જેને પગલે સ્થાનિક રહીશોમાં નેશનલ હાઈવે ઓથોરિટી સામે પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે.નેશનલ હાઈવે પર આવેલી ગટરો પરના ઢાંકણા તૂટી ગયા હોવાથી અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ પર શાળાઓ, દવાખાના, હોટેલો અને અસંખ્ય દુકાનો આવેલી છે. ચાર રસ્તા પરથી દરરોજ હજારોની સંખ્યામાં મુસાફરો, શાળાએ જતા બાળકો, મહિલાઓ અને વૃદ્ધો પસાર થાય છે, જેમને જીવના જોખમે અવરજવર કરવી પડે છે. ગટરોના ઢાંકણા તૂટી જવાથી ભવિષ્યમાં કોઈ મોટી હોનારત સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે.માત્ર તૂટેલી ગટરો જ નહીં, પરંતુ હાઈવે પર ઉડતી ધૂળની ડમરીઓએ પણ લોકોનું જીવવું દુષ્કર કરી દીધું છે. ધૂળને કારણે આસપાસના દુકાનદારોના વેપાર પર અસર પડી રહી છે અને વાહનચાલકોને વિઝિબિલિટી ઓછી હોવાને કારણે અકસ્માતનો ભય રહે છે. અનેક નાગરિકો અને વાહનચાલકો આ ખાડાઓ તથા ગટરોને કારણે ઈજાગ્રસ્ત થયા હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી જાણે કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

લોકો દ્વારા આ બાબતે અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

**પોલીસે 2 દિવસ શાકભાજીની લારી અને પેડલ રિક્ષા ચલાવીને વોચ ગોઠવી ને યુવકને પકડ્યો**

# વડોદરા પોલીસે બિહાર જઈને સગીરાને બચાવી, અપહરણ કરનારની ધરપકડ

**વડોદરા**

છેલ્લા 8 મહિનાથી અપહૃત 17 વર્ષની સગીરાને વડોદરા શહેર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ(AHTU)ની ટીમે બિહારના મુજફ્ફરપુર જિલ્લામાંથી સફળતાપૂર્વક રેસ્કયુ કરી છે અને અપહરણ કરનાર આરોપીની ધરપકડ કરી છે.આરોપી યુવકને હરણી પોલીસને સોંપ્યો છે જ્યારે સગીરાને તેના પરિવારને સોંપી છે.

હરણી પોલીસ સ્ટેશનમાં ગત વર્ષે નોંધાયેલા અપહરણના ગુના અંગે તપાસ હાથ ધરનાર વડોદરા શહેર AHTUની ટીમને ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ તેમજ બાતમી આધારે માહિતી મળી હતી કે, અપહરણ થયેલી સગીરા તથા આરોપી બંને બિહારના મુજફ્ફરપુર ખાતે છે.આ માહિતીના આધારે AHTUના પીઆઈ સી.એચ. આસુંદ્રાના માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમ રચીને બિહારના મુજફ્ફરપુર મોકલવામાં આવી હતી. પોલીસ ટીમે સ્થાનિક પહેરવેશ ધારણ કરી શાકભાજીની રેકડીનો ઉપયોગ કરીને બે દિવસ સુધી સતત સર્વેલન્સ અને વોચ કરી હતી. આ દરમિયાન આરોપી અજીતકુમાર રામબાબુ મહંતો (હાલનું રહેઠાણ : રામદયાલુ, થાના-સદર, મુજફ્ફરપુર, બિહાર, મૂળ રહેઠાણ : સરૈયા, થાણા-લાલગંજ, જિલ્લો-વૈશાલી, બિહાર) નામનો શખ્સ મળી આવ્યો હતો.

# •સંક્ષીપ્ત સમાચાર

## નંબર પ્લેટ વગરની બુલેટ અને મોડીફાઈડ સાઈલેન્સરના પગલે માર માર્યાનો આક્ષેપ

વડોદરાના સયાજીગંજ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ખાખીને લાંછન લગાડતી એક ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની ગાડી બાબતે થયેલી બોલાચાલીમાં પોલીસકર્મીઓએ એક યુવક સાથે અમાનવીય વર્તન કર્યું હોવાના આક્ષેપો થયા છે. ઈજાગ્રસ્ત યુવકના જણાવ્યા મુજબ, પોલીસે તેને પોલીસ વેનમાં બેસાડીને ઢોર માર માર્યો હતો અને ત્યારબાદ ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં લઈ જઈ ACP અને અન્ય કોન્સ્ટેબલોએ તેને જાનવરની જેમ દંડા વડે ફટકાર્યો હતો. આટલું જ નહીં, યુવકે એવો પણ આક્ષેપ કર્યો છે કે તેને સુવડાવી, છાતી પર ચઢીને તેના ગુપ્ત ભાગોમાં પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી છે. બીજી તરફ ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, યુવકે પોલીસનો કોલર પકડી લીધો હતો.

## વડોદરામાં જોવા મળશે વિદેશી પતંગબાજો શહેરમાં ઈન્ટરનેશનલ પતંગ મહોત્સવ ઉજવાશે

દર વર્ષે યોજાતા આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલની યજમાનીમાંથી આ વર્ષે વડોદરાને બાકાત રાખવામાં આવતાં પતંગ રસિકોમાં ચિંતા વ્યાપી હતી. જેથી સાંસદે ગુજરાતના પ્રવાસન વિભાગને પત્ર લખીને



આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો યોજવા માટે વડોદરા પાસે ક્ષમતા છે અને તેનાથી પર્યટન વધશે, તેવો વિશ્વાસ આપ્યો હતી.જેથી આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલની યજમાની મળે તેવી માગ કરી હતી, જેની આજે મૌખિક સરકારમાંથી મંજૂરી મળતા સાંસદે આ અંગેની જાણકારી આપી હતી. આ અંગે સાંસદ ડો હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, ઘણા બધા પતંગ રસિકોના માધ્યમથી મારી પાસે આ રજૂઆત આવી હતી કે, વડોદરાની અંદર વર્ષોથી યોજાતો કાઈટ ફેસ્ટિવલ કે જે સરકાર દ્વારા એમના સહયોગથી આ કાઈટ ફેસ્ટિવલ યોજાતો હોય છે. આ કાઈટ ફેસ્ટિવલની અંદર આ વખતના જેટલા પણ લોકેશન છે એમાં વડોદરાને બાકાત રાખવામાં આવ્યું છે.

**ડ્રેનેજ કામગીરીને લઈ રસ્તાઓ બંધ, વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ**

# SWC સર્કલથી ભાયલી ગામ તરફનો, વાસણા રોડથી મનિષા સર્કલ અને નટુભાઈ સર્કલથી ચકલી સર્કલ સુધીનો માર્ગ બંધ

**વડોદરા**

વડોદરા શહેરમાં નવીન ડ્રેનેજ લાઈન અને વરસાદી ગટર (બોક્સ કલ્વર્ટ) નાખવાની કામગીરીને કારણે શહેરના ભાયલી વિસ્તાર સહિતના અનેક મુખ્ય માર્ગો પર આંશિક કે સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કામગીરી દરમિયાન હેવી મશીનરી, મજૂરોની અવર-જવર અને મટિરિયલ સ્ટોરેજને કારણે આ રસ્તાઓ પર જવા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકા તંત્ર દ્વારા જાહેર જનતાને સુરક્ષા જાળવી રાખવા અને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

SWC સર્કલથી ભાયલી ગામ થઈ લલીતા પાર્ટી પ્લોટ તરફના માર્ગ પર ડ્રેનેજ લાઈનના કામ માટે ભાયલી સ્મશાનથી ભાયલી ગામ થઈ લલીતા પાર્ટી પ્લોટ થઈ ભાયલી સ્ટેશન રોડ પર સોલાસીસ-2 સુધીના રસ્તાની ડાબી બાજુના કેરેજવે પર તમામ વાહનો માટે પ્રતિબંધ લાગુ કરાયો છે. કામ પૂર્ણ થાય ત્યાં સુધી આ ભાગ




બંધ રહેશે. જાહેર જનતાને વધુ ઊંડા ખાડાને કારણે પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ ન કરવા અને સુરક્ષિત અંતર જાળવવા સૂચના આપવામાં આવી છે.વાસણા રોડ પર રાણેશ્વર મંદિરથી મનિષા સર્કલ સુધીના ભાગમાં ડ્રેનેજ કામગીરી ચાલુ છે. મનિષા સર્કલથી રાણેશ્વર મંદિર ચાર રસ્તા તરફ આદિત્ય કોમ્પ્લેક્સ સુધીના રસ્તાની ડાબી બાજુના કેરેજવે પર વાહન વ્યવહાર બંધ રાખવામાં આવ્યો છે. વાહનચાલકો જમણી બાજુના કેરેજવે તેમજ અન્ય વૈકલ્પિક માર્ગોનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરી શકશે.

**વડોદરામાં રેલવેમાં નોકરી કરતી યુવતીએ પહેલા વાર્તા ઘડી**

# યુવતીએ જ મંગેતરની દુપટ્ટાથી ગળું દબાવીને હત્યા કરી : ગળા પરનાં નિશાને પોલ ખોલી

**વડોદરા**

વડોદરામાં પ્રેમસંબંધની કરુણ ઘટના સામે આવી છે, જેની સાથે જિંદગી જીવવા માગતો હતો તે જ યુવતીએ તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. રેલવેમાં નોકરી કરતી યુવતી અને યુવક બંને પ્રેમમાં પડે છે અને સગાઈ બાદ યુવતી પોતાની સાથે યુવકને રાખે છે. 29 ડિસેમ્બરના રોજ યુવતીએ ઊંઘમાં જ પોતાના દુપટ્ટા વડે મંગેતરનું કાસળ કાઢી નાખ્યું હતું. આ બનાવમાં જાણે યુવતીએ કંઈ કર્યું જ ન હોય એમ પોલીસને ત્રણ દિવસ સુધી ગોળ-ગોળ ફેરવી હતી, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતાં જ આ કરુણ ઘટનાનો ભાંડો ફૂટી ગયો હતો. હાલ સમગ્ર મામલે મકરપુરા પોલીસે યુવતી સામે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.છોટાઉદેપુરના રોઝકૂવા ગામનો 23 વર્ષીય યુવક સચિન ગણપતભાઈ રાઠવા અને રેલવેમાં નોકરી કરતી રેખા સકુભાઈ રાઠવા વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી પ્રેમસંબંધ હતો. આ સંબંધ બાદ બન્નેની સગાઈ પણ કરી દેવામાં આવી હતી. રેખા વડોદરાના પ્રતાપનગર રેલવે કોલોનીમાં રહેતી હોવાથી તે સચિન પણ પ્રેમિકા રેખા સાથે રહેવા આવી ગયો હતો. બન્ને ઘણા સમયથી સાથે જ રહેતાં હતાં. આ વચ્ચે રેખાને અન્ય સાથે સંબંધ હોવાની સચિનને આશંકા હતી, જેમાં 29 ડિસેમ્બરે સચિન અને રેખા વચ્ચે થયેલા વિવાદમાં રેખાએ સચિનને લગ્ન કરવાની ના પાડી હતી. ત્યારે સચિને ફોન કરીને આ બાબતની પિતાને પણ જાણ કરી હતી કે તેને આ લગ્ન નથી કરવા.એ બાદ સચિન ઊંઘેલો હતો, એ દરમિયાન જ રેખાએ પોતાના દુપટ્ટા વડે સચિનનું ગળું દબાવીને હત્યા કરી હતી. એ બાદ જાણે તેણે કંઈ કર્યું જ ન હોય એમ મૌન રહી સચિન ઊંઘમાંથી ઊઠતો ન હોવાની વાત બધાને કરી હતી. બાદમાં સચિનને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જોકે હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બાદમાં સચિનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. સચિનના સંદિગ્ધ મોતને પગલે પિતા ગણપતભાઈને મંગેતર રેખા સકુભાઈ રાઠવા પર આશંક જાય છે, કારણ કે એકનો એક નવજુવાન દીકરો ઊંઘમાં કેવી રીતે મોતને ભેટે એ એક સવાલ પિતાના મનમાં ચાલતો હતો.મોત પહેલાં સચિને પિતાને ફોન કરી રેખા હેરાન કરતી હોવાનું જણાવ્યું હતું.

# રણવીરની પ્રલયમાં સાઉથની હિરોઈન કલ્યાણીની એન્ટ્રી


## અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો

મુંબઈઃ રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં તેની હિરોઈન તરીકે સાઉથની કલ્યાણી પ્રિયદર્શનની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. દુલકીર સલમાનની 'લોકાહઃ ચેપ્ટર વન' ફિલ્મથી જાણીતી બનેલી કલ્યાણીની આ પહેલી બોલિવુડ મૂવી હશે. હંસલ મહેતાના પુત્ર રાજ મહેતા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ભારે ભરખમ વીએફએક્સ ધરાવતી આ ફિલ્મનું બજેટ બહુ મોટું હોવાનુ કહેવાય છે. અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, 'લોકાહઃ ચેપ્ટર વન' મલયાલમ ફિલ્મની તાજેતરના સમયની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બન્યા બાદ નિર્માતાઓનું કલ્યાણી તરફ ધ્યાન ગયું હતું. કલ્યાણીએ પણ સમગ્ર ભારતમાં ફેન બેઝ વિસ્તારવા માટે આ ફિલ્મ પસંદ કરી હોવાનું કહેવાય છે.




# રાઘવ જુયાલ સાંઈ માંજરેકર સાથે રોમાન્ટિક ફિલ્મમાં દેખાશે

મુંબઈ : રાઘવ જુયાલ સાંઈ માજરેકર સાથે એક રોમાન્ટિક ફિલ્મમાં કામ કરી રહ્યો હોવાની ચર્ચા છે. આ ફિલ્મ રોમાન્સ સાથે સસ્પેન્સ પણ હશે. જોકે, ફિલ્મ વિશે હજુ કોઈ જાહેરાત કરાઈ નથી. હાલમાં સાંઈ માંજરેકરે પોતાની સ્કિનકેયર રૂટીન દેખાડતાં એક બ્યૂટી-થીમવાળો વીડિયો પોસ્ટ કર્યો હતો. ત્યારે રાઘવે તેના પર મજાકના અંદાજમાં ટીપ્પણી કરતાં શેર કર્યું છે કે, શૂટ પર આ બધો સામાન લઈને આવજે. તેમની આ વાતથી તેઓ બંને સાથે ફિલ્મ કરી રહ્યાં હોવાની અટકળોને બળ મળ્યું છે. 'ધી બેડ્સ ઓફ બોલીવૂડ' સીરિઝથી ચર્ચામાં આવેલા રાઘવને આ પહેલાં સાઉથની પણ એક મોટી ફિલ્મ મળી ચૂકી છે.

## 8 કલાકની શિફ્ટ મુદ્દે દીપિકા પાદુકોણે મૌન તોડ્યું

# મેલ સુપરસ્ટાર્સને કેમ કોઈ સવાલ નથી કરતું?



• મુંબઈ


બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ છેલ્લા ઘણા સમયથી વિવાદોમાં ઘેરાયેલી છે. તેની આઠ કલાક શિફ્ટની ડિમાન્ડ અને વધુ પૈસાની માંગણીના કારણે ઘણી કન્ટ્રોવર્સી ઊભી થઈ હતી. જેના કારણે દીપિકાને સાઉથની બે મોટી ફિલ્મો, 'સ્પિરિટ' અને 'કલ્કી 2'માંથી બહાર કરવામાં આવી હતી. એક્ટ્રેસના ફિલ્મમાંથી બહાર થવાના ઘણા કારણો સામે આવ્યા હતા. દીપિકા પાદુકોણ પર ઘણા આરોપો લાગ્યા હતા. ઘણા લોકોએ તેની આ ડિમાન્ડ્સને 'અનપ્રોફેશનલ' ગણાવી હતી. હવે લાંબા સમય બાદ એક્ટ્રેસે પોતાના પર લાગેલા તમામ આરોપો પર મૌન તોડ્યું છે. એક ઈન્ટરવ્યુમાં દીપિકાએ ઈન્ડસ્ટ્રીના બેવડા માપદંડો પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'એક મહિલા હોવાના કારણે જો આ દબાણ કરવા જેવું લાગે છે, તો ઠીક છે. પરંતુ આ કોઈ સીક્રેટ નથી કે ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા સુપરસ્ટાર, મેલ સુપરસ્ટાર વર્ષોથી આઠ કલાક કામ કરી રહ્યા છે અને આ બાબત ક્યારેય ચર્ચામાં નથી આવી.''હું હમણાં કોઈનું નામ લેવા નથી માગતી અને આ બાબતને એટલો મોટો મુદ્દો બનાવવા નથી માગતી. પરંતુ એ વાત સામાન્ય છે, પબ્લિકલી ઘણા મેલ એક્ટર્સ વિશે ખબર છે જે વર્ષોથી આઠ કલાક કામ કરી રહ્યા છે.

તેમાંથી ઘણા સોમવારથી શુક્રવાર સુધી માત્ર આઠ કલાક કામ કરે છે. તેઓ વીકેન્ડ પર કામ નથી કરતા. મને લાગે છે કે મોટો મુદ્દો એ છે કે, ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીને 'ઈન્ડસ્ટ્રી' તો કહેવામાં આવે છે, પરંતુ આપણે વાસ્તવમાં ક્યારેય તે રીતે કામ નથી કર્યું. આ ખૂબ જ અવ્યવસ્થિત ઈન્ડસ્ટ્રી છે, અને હવે સમય આવી ગયો છે કે, આપણે તેમાં યોગ્ય વ્યવસ્થા અને સ્ટ્રક્ચર લાવીએ.'દીપિકાની 8 કલાક શિફ્ટ વાળી વાત ત્યારે સામે આવી જ્યારે તેને સંદીપ રેડ્ડી વાંગાની 'સ્પિરિટ' ફિલ્મમાંથી કાઢી મૂકવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે, એક્ટ્રેસ પોતાની દીકરી દુઆને ઉછેરવા માટે મેકર્સ પાસે આવી ડિમાન્ડ્સ કરી રહી હતી, જે ડિમાન્ડ્સને તેણે નકારી કાઢી હતી. આ જ ઈન્ટરવ્યુમાં દીપિકાએ આગળ એ પણ ખુલાસો કર્યો કે, 'ઘણી ફીમેલ એક્ટ્રેસ જે માતા બની ચૂકી છે તેઓ પણ આઠ કલાકની શિફટમાં જ કામ કરે છે. પરંતુ વિવાદ માત્ર મને લઈને જ થયો.' દીપિકાએ પોતાના વિવાદ પર આગળ કહ્યું કે, 'મેં ઘણા લેવલ પર આવું કર્યું છે. મારા માટે આ નવું નથી.

મને લાગે છે કે, જ્યાં સુધી પૈસાનો સવાલ છે તો, મારે તેની સાથે આવતી દરેક વસ્તુઓનો સામનો કરવો પડ્યો છે. મને ખબર નથી કે તેને શું કહેવું, પણ હું એવી વ્યક્તિ છું જેણે હંમેશા શાંતિથી પોતાની લડાઈ લડી છે. અને કોઈ વિચિત્ર કારણોસર ક્યારેક તે જાહેર થઈ જાય છે, જે મને ખબર નથી, અને ન તો મારો ઉછેર એવી રીતે થયો હતો. પણ હા, પોતાની લડાઈ શાંતિથી અને આદરપૂર્વક રીતે લડવી એ જ મારી રીત છે.'દીપિકાના વર્કફ્રન્ટની વાત કરીએ તો 'સ્પિરિટ' અને 'કલ્કી 2' માંથી બહાર થવા છતાં, તે હાલમાં બે મોટા પ્રોજેક્ટ્સનો ભાગ છે. તે શાહરૂખ ખાનની 'કિંગ' પર કામ કરી રહી છે. તે અલ્લુ અર્જુન અને એટલીની પેન-ઈન્ડિયા અનટાઈટલ્ડ ફિલ્મમાં પણ જોવા મળશે.

# શાહરુખ ખાનની નીયતમાં ખોટ

## ફિલ્મમેકર અભિનવ કશ્યપે તેના ઈન્ટરવ્યુમાં કિંગ ખાન વિશે કહ્યું કે તેણે ભારત છોડીને દુબઈ રહેવા જતા રહેવું જોઈએ



બોલીવૂડના ખ્યાતનામ દિગ્દર્શક અને સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ **'દબંગ'**ના નિર્માતા અભિનવ કશ્યપ ફરી એકવાર ચર્ચામાં છે. થોડા સમય પહેલાં તેમણે સલમાન ખાન અને તેમના પરિવાર વિશે અનેક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. હવે તેમણે બોલીવૂડના કિંગ ખાને કહેવાતા શાહરુખ ખાન પર આકરા શબ્દોમાં પ્રહાર કર્યો છે. અભિનવએ કહ્યું છે કે શાહરુખની નીયત ખોટી છે અને જો તેને ભારત કરતાં દુબઈ વધારે પ્રિય હોય, તો તેને ત્યાંના પોતાના 'જન્નત' નામના બંગલામાં જ રહેવા જવું જોઈએ.એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનવ કશ્યપે શાહરુખ વિશે બોલતા કહ્યું હતું, "શાહરુખની કમ્યુનિટી એવી છે કે તે ફક્ત લેવાનું જાણે છે, આપવાનું નહીં. તેઓ ફક્ત લેતા જાય છે, લેતા જાય છે, પણ આપતા નથી. શાહરુખ પોતાના દુબઈવાળા ઘરને 'જન્નત' કહે છે અને મુંબઈના બંગલાને 'મન્નત'. આ નામો પાછળનો અર્થ પણ મોટો છે – 'મન્નત' એટલે ઈચ્છા, અને 'જન્નત' એટલે સ્વર્ગ. હવે જો તમારી જન્નત દુબઈમાં છે, તો પછી તમે ભારતમાં રહીને શું કરી રહ્યા છો?"અભિનવે આગળ કહ્યું કે શાહરુખ સતત મહેલોમાં વધારો કરતો જાય છે, તેની ઈચ્છાઓ પૂરી થતી નથી. "મેં સાંભળ્યું છે કે તે પોતાના બંગલામાં વધુ બે માળ બનાવી રહ્યો છે. એટલે તેની માંગ વધતી જ રહી છે. પણ જો તમારું સ્વર્ગ દુબઈમાં છે, તો ત્યાં જ રહો. અહીં રહીને શું મેળવવા માગો છો?" એમ અભિનવે સવાલ ઉઠાવ્યો હતો.શાહરુખના લોકપ્રિય ફિલ્મી સંવાદને ઉલ્લેખીને અભિનવએ વધુ તીક્ષ્ણ શબ્દોમાં કહ્યું, "શાહરુખ ફિલ્મમાં બોલે છે કે 'બેટાને હાથ લગાવતા પહેલાં બાપ સાથે વાત કર', પણ હકીકતમાં આ લોકો સાથે શું વાત કરવી? આ લોકોએ પોતાના મહેલો અને દુકાનો એવી બનાવી દીધી છે કે સામાન્ય માણસ, ડિરેક્ટર કે પ્રોડ્યુસર તેમની પહોંચથી બહાર થઈ ગયા છે."અભિનવ કશ્યપે આ પણ સ્પષ્ટ કર્યું કે તેમને શાહરુખ ખાનની સંપત્તિથી કોઈ ઈર્ષ્યા નથી, પરંતુ તેમની વૃત્તિ અને વર્તનથી ખટક છે. "તેની કુલ સંપત્તિ કેટલી છે, એ મને કંઈ ફરક પડતું નથી. શું તે મને ખાવાનું આપે છે? શાહરુખ બોલવામાં ચોક્કસ સારો છે, પણ તેની નીયત ખરાબ છે. તે ફક્ત ભેગું કરતો રહે છે - પૈસા, સન્માન, સંબંધો - બધું પોતાના માટે જ રાખે છે."અભિનવે આ દરમિયાન જણાવ્યું કે શાહરુખે તેમના સાથે ક્યારેય વ્યક્તિગત રીતે ખરાબ વર્તાવ કર્યો નથી, પણ તેમ છતાં તેઓ માને છે કે શાહરુખને હવે આત્મમંથન કરવાની જરૂર છે. "હું ઈચ્છું છું કે તે આ ઈન્ટરવ્યુ જુએ અને પોતાના અંદર સુધારો લાવે. નહીં તો જે હાલ સલમાનનો થયો છે, એ જ તેનો પણ થશે," એમ અભિનવએ ચેતવણીરૂપ શબ્દોમાં કહ્યું.સલમાન ખાન સાથેના પોતાના જૂના વિવાદને લઈને અભિનવ અગાઉ પણ અનેક વખત ચર્ચામાં આવી ચૂક્યા છે.

# ઉર્દૂ કવિતા પર 'સૈયારા' ફેમ અનિતને રેપ કરવો મોંઘો પડ્યો

## મુસ્લિમોની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ, એક્ટ્રેસનો જૂનો વીડિયો વાઈરલ

• મુંબઈ

'સૈયારા' ફેમ અનિત પડ્ડા તેના એક જૂના વીડિયોને કારણે મુશ્કેલીનો સામનો કરી રહી છે. તેની મુશ્કેલીનું કારણ ફેમસ ઉર્દૂ કવિતા 'લબ પે આતી હૈ દુઆ' છે. જૂના વાઈરલ વીડિયોમાં, એક્ટ્રેસે ફેમસ કવિ મોહમ્મદ ઈકબાલની આ કવિતા રેપ સ્ટાઈલમાં ગાતી જોવા મળે છે, જેના પર સોશિયલ મીડિયા યુઝર્સ મુસ્લિમોની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવી રહ્યા છે.

અગાઉ ફિલ્મો અને સાદગી માટે ધ્યાન ખેંચનાર અનિત હવે પહેલીવાર ટ્રોલ થઈ રહી છે. એક યુઝરે પોતાની નારાજગી વ્યક્ત કરતા લખ્યું- 'શું દુનિયામાં એટલા ગીતો નહોતા કે તમે નાટકમાં નાચી રહ્યા છો?' બીજા યુઝરે લખ્યું, 'આ કૃત્યથી નિરાશ છું.' અન્ય એક યુઝરે કહ્યું- 'અનિત, આ પ્રકારનું વર્તન તને શોભતું નથી.''સૈયારા' થી રાતોરાત સ્ટાર બનેલી અનીતના કાર્યક્ષેત્રની વાત કરીએ તો, તે ટૂંક સમયમાં બીજી એક લવસ્ટોરીમાં જોવા મળશે. 'બેન્ડ બાજા બારાત' ફેમ ડિરેક્ટર મનીષ શર્મા અનીત સાથે એક રોમેન્ટિક ફિલ્મનું નિર્દેશન કરવા માટે તૈયાર છે. યશ રાજ ફિલ્મ્સ આ ફિલ્મનું નિર્માણ કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનીતને તેની નવી ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવ્યો છે.મિડ-ડેના અહેવાલ મુજબ, ફિલ્મનું પ્રી-પ્રોડક્શન કામ શરૂ થઈ ગયું છે. આ રોમેન્ટિક ફિલ્મમાં અનિત અભિનીત હશે, જેનું શૂટિંગ પંજાબમાં થશે. 2026ના પહેલા ભાગમાં શૂટિંગ શરૂ થવાનું છે. ફિલ્મમાં અનિતની સામે કોણ અભિનય કરશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.



## તેને સંભાળવાની મથામણમાં એક વ્યક્તિને બચકું ભરવાનો પણ પ્રયાસ

# સુધા ચન્દ્રનને ધાર્મિક પ્રસંગે માતાજી આવ્યાં, વિડીયો વાયરલ

## પીઢ અભિનેત્રી એકદમ ભાવાવેશમાં આવી ગઈ



• મુંબઈ

પીઢ અભિનેત્રી સુધા ચન્દ્રનનો એક વિડીયો વાયરલ થયો છે. આ વિડીયોમાં તેને એક ધાર્મિક પ્રસંગ દરમિયાન માતાજી આવ્યાં હોય તેમ તે અતિશય ભાવાવેશમાં આવી ગઈ હોવાનું જણાય છે. એકદમ બેકાબુ બની ગયેલી સુધા ચન્દ્રનને કેટલાક લોકોએ સંભાળવાની કોશીશ કરી હતી. આ દરમિયાન તેણે એક વ્યક્તિને હાથ પર બચકું ભરવાનો પણ પ્રયાસ કર્યો હોવાનું જણાય છે.

ધાર્મિક પ્રસંગ દરમિયાન તે વધારે પડતી ભાવુક થઈ ગઈ હતી અને સુધબુધ ગુમાવી બેઠી હતી તેમ કેટલાક ભક્તોએ જણાવ્યું હતું. કદાચ તેને પોતાને પણ તેની આ સ્થિતિનો ખ્યાલ ન હતો રહ્યો.

આ વિડીયો પર અનેક લોકો રિએક્ટ કરી રહ્યા છે. કેટલાય લોકોએ સુધા અતિશય ધાર્મિક અને સંવેદનશીલ વ્યક્તિ હોવાનું જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે સુધા ચન્દ્રન ભારતીય સિને અને અભિનયજગતનું એક આદરણીય નામ ગણાય છે. એક પગ ગુમાવ્યા પછી પણ તેણે પોતાની નૃત્ય સાધના ચાલુ રાખી હતી અને બાદમાં સંખ્યાબંધ ટીવી સિરિયલોમાં દમદાર અભિનય કરી મોખરાનું સ્થાન મેળવ્યું છે.

# ગુજરાત ગણિત મંડળનું ૬૨મું વાર્ષિક અધિવેશન અમદાવાદમાં સંપન્ન



• અમદાવાદઃ

ગુજરાત ગણિત મંડળ નું ૬૨મું ત્રિ-દિવસિય વાર્ષિક ગણિત અધિવેશન અમદાવાદ સ્થિત ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તારીખ ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બર દરમિયાન સફળતાપૂર્વક યોજાયું હતું. આજથી અંદાજે ૬૨ વર્ષ પહેલાં, ઈ.સ. ૧૯૬૩માં, તે સમયના ગુજરાતના એકમાત્ર પી.એચ.ડી. ધારક ગણિતજ્ઞ પ્રો. પી.સી. વૈધ સાહેબ દ્વારા ગુજરાત ગણિત મંડળની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી આજ સુધી મંડળ દ્વારા ગુજરાતના ગામડાંથી લઈને શહેરો સુધી શાળા, કોલેજ અને યુનિવર્સિટી સ્તરે ગણિતના અધિવેશન, સેમિનાર, વર્કશોપ અને વિવિધ ગાણિતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે યોજાયેલા અધિવેશન દરમિયાન કુલ ૧૭ વ્યાખ્યાનો યોજાયા, જેમાં વૈદિક ગણિત, નવી શિક્ષણ નીતિ (NEP), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ગણિતમાં ભારતનું યોગદાન, ગણિત સમાચાર, પ્રશ્નસંધ્યા તથા સ્પર્ધાઓ જેવા વિષયો સમાવાયા હતા. તે ઉપરાંત, શાળા અને કોલેજ વિભાગ માટે રોજિંદા જીવનમાં ગણિત, મિરર મેજિક સ્ક્વેર, મેજિક ઓફ ડાઈસ, મેપ થિયરી, ડિટર્મિનન્ટ્સ તથા "ગ્રાફથી ગૂગલ સુધીની સફર" જેવા વિષયો પર કુલ ૨૦ વ્યાખ્યાનો યોજાયા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ ઈ.સ. ૨૦૦૩માં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મંડળનું ૪૦મું અધિવેશન યોજાયું હતું. આ વર્ષના અધિવેશનમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી ૩૦૦થી વધુ ગણિત શિક્ષકો, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ અને ગણિતપ્રેમીઓએ ભાગ લઈને પોતાની ગણિતીય પ્રતિભા રજૂ કરી હતી. અધિવેશનનું ઉદ્ઘાટન મંડળના જ સભ્ય તથા રાજ્યના પૂર્વ મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા સાહેબે કર્યું હતું. અધિવેશન દરમિયાન યોજાયેલી પ્રદર્શન શ્રેણીમાં વિવિધ ગણિતીય મોડેલ્સ અને પ્રયોગો ગણિતજ્ઞો માટે રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના હસ્તે છેલ્લા બે વર્ષમાં ગણિત વિષયમાં પી.એચ.ડી. પૂર્ણ કરનારા ૨૫થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શકોનું બહુમાન કરવામાં આવ્યું હતું. મંડળના ૬૩ વર્ષના ઈતિહાસ દરમિયાન સેવા આપનાર ૧૫થી વધુ પૂર્વ પ્રમુખશ્રીઓનું ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર અને ગુજરાત ગણિત મંડળના પ્રમુખ ડૉ. હર્ષદભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન ગણિતરસિકોએ ગણિતક્ષેત્રની સિદ્ધિઓ, તાજા સમાચાર અને સંશોધન સંબંધિત માહિતી મેળવી પોતાના જ્ઞાનમાં નોંધપાત્ર વધારો કર્યો. નોંધપાત્ર બાબત એ રહી કે આ અધિવેશનમાં ૧૨ વર્ષના વિદ્યાર્થીઓથી લઈને ૮૨ વર્ષના પ્રોફેસરો સુધીના વ્યાખ્યાતાઓએ ગણિતનું જ્ઞાન અને અનુભવ સહભાગી કર્યો હતો.

**કાર્યવાહી** કાયદેસરની કાર્યવાહીથી બચવા માટે પોતાનો બાકી વેરો સમયસર ભરપાઈ કરી દેવો

# ડભોઈ નગરપાલિકાની લાલ આંખ વર્ષોથી બાકી વેરો ન ભરતા મકાન સીલ કરાયું

## મિલકત ધારકો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા ફફડાટ વ્યાપી ગયો

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા બાકી વેરા વસૂલાતની ઝુંબેશને વધુ તેજ બનાવવામાં આવી છે. લાંબા સમયથી વેરો ભરપાઈ કરવામાં આનાકાની કરતા મિલકત ધારકો સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા ફફડાટ વ્યાપી ગયો છે. આ કામગીરી અંતર્ગત શરબત કૂવા વિસ્તારમાં એક મકાનને સીલ મારવામાં આવતા સમગ્ર નગરમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.શું છે સમગ્ર ઘટના ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર જયકિશન તડવીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ પાલિકાની ટીમ દ્વારા વેરા વસૂલાતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન શહેરના શરબત કૂવા પાસે આવેલા ઘર નંબર 2 / 13 / 34 ના માલિક નાનુભાઈ મિયાભાઈ મહુડાવાળાના મકાનનો વેરો છેલ્લા ઘણા વર્ષોથી બાકી બોલતો હતો. 25,000 થી વધુની બાકી રકમ નગરપાલિકાના રેકોર્ડ મુજબ, આ મિલકત પર કુલ 25,887 જેટલો વેરો લાંબા સમયથી બાકી હતો. વારંવારની જાણ અને સૂચના છતાં મિલકત ધારક દ્વારા આ રક મ ભરપાઈ કરવામાં ન આવતા આખરે પાલિકાએ કડક વલણ અપનાવ્યું હતું. ચીફ ઓફિસરના આદેશ મુજબ



નગરપાલિકાની ટીમે સ્થળ પર જઈ મકાનને બંધ કરી વિધિવત રીતે સીલ મારી દીધું હતું.

નગરપાલિકાની ટીમ દ્વારા કાર્યવાહી આ વેરા વસૂલાત અને સીલિંગની કામગીરીમાં ન ગરપાલિકાના નીચે મુજબના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા મહેશભાઈ વ સાવા (ઇન્ચાર્જ સેક્રેટરી) રાજેશભાઈ કટારી મ હેશભાઈ અને શિવમભાઈ જે. તડવી સંદીપભાઈ દરજી કોપીનભાઈ પટેલ

વેરા બાકીદારોમાં ફફડાટનગરપાલિકા દ્વારા ક રવામાં આવેલી આ આકસ્મિક અને કડક કાર્યવાહીને પગલે અન્ય મોટા બાકીદારોમાં પણ ફફ ડાટ જોવા મળી રહ્યો છે. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આગામી દિવસોમાં હ જુ પણ જે લોકોનો વેરો બાકી છે તેમની સામે આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે. નગરપાલિકાએ તમામ નગરજનોને અપીલ કરી છે કે, નગરના વિકાસ કાર્યોમાં સહભાગી થવા અને કાય દેસરની કાર્યવાહીથી બચવા માટે પોતાનો બા કી વેરો સમયસર ભરપાઈ કરી દેવો ડભોઈ નગરપાલિકાની સૂચના

## અમદાવાદમાં સાયબર ઠગોએ નિવૃત લોકોને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું

# શેરબજારમાં રોકાણના બહાને ફાર્મા કંપનીના નિવૃત્ત મહિલા સાથે 86 લાખની છેતરપિંડી

**છેતરપિંડી** વારંવાર નાણાં માંગવામાં આવતા પારૂલબેનને છેતરપિંડીનો અહેસાસ થયો હતો



• અમદાવાદ

અમદાવાદમાં સાયબર ઠગોએ નિવૃત લોકોને ટાર્ગેટ કરવાનું શરૂ કર્યું છે ત્યારે શેરબજારમાં ટૂંકા સમયમાં ઊંચું વળતર મેળવવાની લાલચ આપીને સેટેલાઈટ વિસ્તારના એક નિવૃત્ત મહિલા પાસેથી લાખો રૂપિયા પડાવી લેવાની ઘટના સામે આવી છે.આરોપીઓએ મહિલાનો વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં નફાની રકમ પરત આપી હતી. ત્યારબાદ મોટી રકમનું રોકાણ કરાવી છેતરપિંડી આચરી હતી.આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા 61 વર્ષીય પારૂલબેન ગોપાણી એક જાણીતી ફાર્મા કંપનીમાં ક્વોલીટી હેડ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા છે અને હાલ નિવૃત્ત જીવન ગુજારે છે.પારૂલબેને ફેસબુક પર વિક્રમ કપૂર નામના વ્યક્તિની પ્રોફાઈલ પરથી રોકાણની જાહેરાત જોઈ પારૂલબેને તેના પર ક્લિક કર્યું હતું, જેનાથી તેઓ એક વ્હોટ્સએપ ગ્રુપમાં જોડાયા હતા.વિક્રમે પોતાની ઓળખ એનાલિસ્ટ તરીકે આપી તેમને 'VI-P26996MIB | Study Board. Alpha Desk' નામના ગ્રુપમાં ઉમેર્યા હતા. ત્યારબાદ ઈશિતા પાંડે નામની યુવતીએ કસ્ટમર સપોર્ટ તરીકે વાત કરી પારૂલબેન પાસે 'MIBAFSS' નામની એક નકલી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી અને તેમાં પાનકાર્ડ સહિતની વિગતો ભરાવી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ઠગોએ શરૂઆતમાં પારૂલબેને માત્ર 5000 રૂપિયાનું રોકાણ કર્યું હતું, જે એપ્લીકેશનમાં જમા થયેલું દેખાતું હતું. આ રકમ પર નફો થયો હોવાનું જણાવી આરોપીઓએ પારૂલબેનને 37,000 વિડ્રો કરવા દીધા હતા. પોતાના બેંક ખાતામાં પૈસા જમા થતા પારૂલબેનને આ પ્લેટફોર્મ પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. જેના કારણે તેમણે અને તેમના પતિ મોટી રકમ રોકવાનું શરૂ કર્યું હતું. 5 નવેમ્બર થી 30 ડિસેમ્બરના ગાળામાં પારૂલબેને ટુકડે-ટુકડે કુલ 86,71,645 જુદા-જુદા બેંક ખાતાઓમાં જમા કરાવ્યા હતા.આ તમામ રકમ નકલી એપ્લીકેશનમાં નફા સાથે ખૂબ જ મોટી દેખાતી હતી. જોકે, જ્યારે પારૂલબેને પોતાની મૂળ રકમ અને નફો પરત મેળવવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ કમિશન અને ટેક્સના નામે વધુ પૈસાની માંગણી કરી હતી.વારંવાર નાણાં માંગવામાં આવતા પારૂલબેનને છેતરપિંડીનો અહેસાસ થયો હતો.જેથી તેમને સાયબર ક્રાઈમ પોલીસમાં વિક્રમ કપૂર અને ઈશિતા પાંડે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે

## પ્રાચી તીર્થ ટીબડી ના ગાયત્રી ધામ ખાતે

# શ્રી વેદ માતા ગાયત્રી સેવા શ્રમ ટ્રસ્ટ ટીંબડી પ્રાચી માં ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજાયો.

• દિપક જોષી દ્વારા પ્રાચી

પ્રાચી તીર્થ ટીંબડી ના ગાયત્રી ધામ ખાતે શ્રી વેદ માતા ગાયત્રી સેવા શ્રમ ટ્રસ્ટ ટીંબડી પ્રાચી માં ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજાયો. જેમાં 108 ગાયત્રી મહામંત્ર અને ૧૦૮ મહા મૃત્યુંજય મંત્ર ની પ્રાર્થના કરવામાં આવી હતી.. નેત્ર નિદાન કેમ્પનું આયોજન શ્રી ગાયત્રી ધામ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં આ કેમ્પમાં ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા તથા રણછોડદાસજી હોસ્પિટલ નાં ડોક્ટર તથા આસિસ્ટન્ટ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કેમ્પ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં 113 દર્દીઓએ ઓપીડી કરવામાં આવી તથા તેમાંથી 43 દર્દીઓને મોતીયા નાં ઓપરેશન માટે રાજકોટ શ્રી રણછોડદાસ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. આ કેમ્પને સફળ બનાવવા રાજકોટ ના આંખ નાં ડોક્ટર તથા આસીસટન્ટ તથા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ નાં ઉપ પ્રમુખ બાલુભાઈ ઝાલા એક્સ આર્મી . મોતિબેન બાલુભાઈ ઝાલા



તથા નાથાભાઈ સોલંકી તથા ગંગ ગિરિ અપરનાથી તથા નારણભાઈ મોરીએ સહયોગ આપ્યો. જેમાં ચા પાણી તથા ભોજનના દાતા શ્રી નારણભાઈ મોરી આળિદ્રા તરફથી રાખવામાં આવેલ હતો.

# અમદાવાદ : સાબરમતી નદી પર આવેલા ઈન્દિરા બ્રિજ પર તિરાડ, વાહનચાલકો ભયભીત

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં બ્રિજ સમારકામ અને રખરખાવના નામે ચાલતા ધુપ્પલના કારણે સાબરમતી નદી પરના એક પછી એક બ્રિજમાં ગંભીર ખામીઓ સામે આવી રહી છે. સુભાષ બ્રિજ બંધ છે, તેવા સમયે ટ્રાફિકનું ભારણ જ્યાં વધ્યું છે, તેવા ઈન્દિરા બ્રિજ પર પણ તિરાડ પડી હોવાનું ધ્યાને આવ્યું છે. જોકે, વાહન ચાલકોમાં ભય પેદા કરનારી આ બાબતે મ્યુનિ. કોર્પોરેશન કે માર્ગ અને મકાન વિભાગ હજી સુધી અજાણ છે! સાબરમતી નદી પરના બ્રિજ મામલે એક સાંધે ત્યાં તેર તૂટે તેવો તાલ સામે આવ્યો છે. એક મહિના પહેલા જોખમી તિરાડ પડી જવાના કારણે સુભાષ બ્રિજ બંધ કરીને નવીનીકરણનો નિર્ણય કરાયો છે. થોડા દિવસો પહેલા નહેરુ બ્રિજ પર જોઈન્ટના બેરિંગ ખુલી ગયા હોવાનું સામે આવ્યું હતું. ગઈકાલે શનિવારે (3 જાન્યુઆરી, 2026) ઋષિ દધીચિ બ્રિજ પર પણ પોપડા ઉખડી ગયા હતા.



તેવામાં હવે ઈન્દિરા બ્રિજ પર પણ તિરાડ પડી હોવાનું ધ્યાને આવ્યું છે. બ્રિજની વચ્ચે જ પડેલી આ તિરાડ ફક્ત ઉપરના ભાગ પૂરતી સિમિત છે કે અંદર પણ નુકસાની થઈ છે? તે તપાસનો વિષય છે. સાબરમત નદી પરના ત્રણ-ત્રણ બ્રિજમાં બેદરકારી સામે આવ્યા બાદ પણ અન્ય બ્રિજોની વિસ્તૃત તપાસ કરવાની તસ્દી લેવામાં આવી નથી. પરિણામે સાબરમતી નદીના જુદા-જુદા બ્રિજ પરથી દરરોજ પસાર થઈ રહેલા હજારો નાગરિકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે.

# થરાદ-ડીસા હાઈવે પર ભારતમાલા પુલ નીચે ટ્રેક્ટર-ટ્રોલા અને બોલેરો કેમ્પર વચ્ચે અકસ્માત



• પ્રધાનજી ઠાકોર

થરાદ-ડીસા હાઈવે રોડ ઉપર ભારતમાલા પુલ નીચે આવેલા સર્કલ પાસે આજે ટ્રેક્ટર-ટ્રોલા અને બોલેરો કેમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત દરમિયાન બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું, જો કે સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રાફિકભીડ અને સર્કલ નજીક અચાનક બ્રેક પડતા બંને વાહનો વચ્ચે અથડામણ થઈ હતી. અકસ્માતના કારણે થોડીવાર માટે હાઈવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વાહનવ્યવહારને સુચારુ બનાવવામાં મદદ કરી હતી. આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા ન થતાં લોકોમાં રાહતનો શ્વાસ લેવાયો હતો.

## અમદાવાદ : વિરાટ વિશ્વશાંતિ સત્સંગદીક્ષા મહાયાગ યોજાયો

# BAPS સ્વામિનારાયણ મંદિર શાહીબાગ દ્વારા 50 લાખથી વધુ મંત્રોની આહુતિ આપવામાં આવી

• અમદાવાદ

ભારતીય સનાતન સંસ્કૃતિમાં યજ્ઞનો આગવો મહિમા છે. યજ્ઞ એ ભારતીય-વૈદિક સંસ્કૃતિનું જીવંત સ્મારક છે. સનાતન શાસ્ત્રોમાં પણ યજ્ઞનો અપાર મહિમા કહ્યો છે ત્યારે આજથી 215 વર્ષ પૂર્વે પોષીપૂર્ણિમાના પવિત્ર અને ઐતિહાસિક દિને ડભાણમાં વિશ્વશાંતિ મહાવિષ્ણુયાગ કરીને ભગવાન સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપી હતી. તે પ્રસંગની અપૂર્વ સ્મૃતિરૂપે ૩ જાન્યુઆરી, શનિવારના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં 'વિશ્વશાંતિ સત્સંગદીક્ષા



મહાયાગ' નું આયોજન બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર - શાહીબાગ સામે, યોગીજી મહારાજ હોસ્પિટલ ગ્રાઉન્ડમાં પ્રમુખ વાટિકા ખાતે કરવામાં આવ્યું હતું. સાંજે 4થી રાત્રિના 8 વાગ્યા સુધીમાં ચાલેલા આ મહાયજ્ઞમાં જુદા જુદા વિસ્તારના હજારો હરિભક્તોએ યજ્ઞમાં ભાગ લીધો હતો. આ વિશ્વશાંતિ સત્સંગદીક્ષા મહાયાગમાં જુદા જુદા મંડપમ બનાવવામાં આવ્યા હતા, જેવા કે ગુણાતીતાનંદ મંડપમ, ભગતજી મહારાજ મંડપમ, શાસ્ત્રીજી મહારાજ મંડપમ, યોગીજી મહારાજ મંડપમ, પ્રમુખસ્વામી મહારાજ મંડપમ તેમજ મહંત સ્વામી મહારાજ મંડપમનો સમાવેશ થયો હતો. આ તમામ મંડપોમાં કુલ મળીને 400 જેટલા યજ્ઞકુંડમાં આશરે 12000 થી વધુ વ્યક્તિઓએ યજ્ઞકુંડમાં આહુતિ આપવાનો અવસર પ્રાપ્ત કર્યો હતો. જેમાં આશરે ૫ લાખથી વધુ હોમાત્મક દ્રવ્યોથી અર્ઘ્ય તેમજ 50 લાખથી વધુ મંત્રોની આહુતિ આપવામાં આવી હતી. જેમાં હજારો યજમાન હરિભક્તો - ભાવિકો આ યજ્ઞવિધિમાં જોડાયા હતા.

# સરકારી કચેરીઓમાં પોલીસની ગુપ્ત ડ્રાઈવ, હેલમેટ વગરના 1260 પકડાયા

## અમદાવાદ પોલીસ એક્શન મોડમાં આવતા દોડધામ મચી

• અમદાવાદ

અમદાવાદમાં સરકારી કચેરીમાં ટ્રાફિક પોલીસે ગુપ્ત ડ્રાઈવ યોજીને એક જ દિવસમાં હેલમેટ પહેર્યા વિના વાહન ચલાવનારા 1260 લોકોને પકડીને 5.89 લાખથી વધુનો દંડ ફટકાર્યો છે. કાર પર ડાર્ક ફિલ્મ લગાવવાના 16 કેસ અને નંબર પ્લેટ વગરનાં વાહનોનાં 54 કેસ કરી 9 વાહન ડિટેઈન કર્યાં છે. 71 પોલીસ કર્મચારી હેલમેટ પહેર્યા વગર પકડાયા હતા, ડાર્ક ફિલ્મવાળી એક અને નંબર પ્લેટ વગરની 8 કાર પકડી હતી. અન્ય કચેરીમાંથી 1189 કર્મચારીને હેલમેટ વગર પકડીને 5.54 લાખનો દંડ, 15 ડાર્ક ફિલ્મવારી કાર પકડીને 9 હજારનો દંડ જ્યારે 46



નંબર પ્લેટ વગરની કાર પકડીને 14 હજારનો દંડ ફટકાર્યો હતો. હેલ્મેટ પહેરવાથી ગૂંગળામણ થાય છે અને વાળ ખરે છે. ગાડી મારી નથી, સંબંધીની છે ઉતાવળ હતી એટલે લઈને આવ્યો બંદોબસ્ત હોવાથી ઉતાવળવામાં ડ્યુટી પર જઈ રહ્યો છું એટલે હેલમેટ ભૂલી ગયો. મારે ઉચ્ચ અધિકારીઓ સાથેના સંબંધો છે જવા દો ફરી વખત ધ્યાન રાખીશ.

# થાનના જોગ આશ્રમના સ્ટોર રૂમમાં ભીષણ આગ લાગી

થાન : થાન સ્થિત સુપ્રસિદ્ધ જોગ આશ્રમમાં આજે અચાનક આગ ફાટી નીકળતા ભયનો માહોલ સર્જાયો હતો. આશ્રમની નીચેના ભાગે આવેલા સ્ટોર રૂમમાં અગમ્ય કારણોસર લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. આગની ગંભીરતાને જોતા તાત્કાલિક થાન નગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરવામાં આવી હતી. જોકે, આગ વધુ ફેલાતા ચોટીલા નગરપાલિકાની ફાયર ટીમની પણ મદદ લેવામાં આવી હતી. બંને ટીમોએ સંયુક્ત રીતે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને વકરતી અટકાવી કાબુમાં લીધી હતી. આ દુર્ઘટનામાં સ્ટોર રૂમમાં રાખવામાં આવેલી પ્લાસ્ટિકની ખુરશીઓ, પીવીસી પાઈપ અને અન્ય સામાન બળીને ખાખ થઈ જતા મોટાપાયે આથક નુકસાન થયું છે.આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સકટ અથવા અન્ય કોઈ અકગમ્ય કારણ હોવાનું અનુમાન છે. આશ્રમમાં જે સમયે આગ લાગી ત્યારે સદનસીબે કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. હાલમાં તંત્ર દ્વારા નુકસાનીનો અંદાજ મેળવવાની અને આગ લાગવાના કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે.

**સંગઠીતનો પ્રયાસ** — આમ આદમી દ્વારા ગુજરાત જોડો જનસભા

# ડભોઈ તાલુકાના પણશોલી ખાતે જાહેર સભામાં ચૈતર વસાવાએ સરકાર પર ચાબખાં માર્યા

## આ જાહેર સભા ડભોઈ તાલુકાની રાજકીય સ્થિતિમાં મહત્વપૂર્ણ વળાંક લાવનારી સાબિત થઈ શકે છે

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના પણશોલી ખાતે જાહેર સભા રાખવામાં આવી હતી આગામી સમયમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ડભોઇ તાલુકાના પણસોલી ગામે આમ આદમી પાર્ટી દ્વારા એક વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાહેર સભા રાજકીય દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે વિવિધ રાજકીય પક્ષો દ્વારા જનસમર્થન મજબૂત બનાવવા માટે પ્રયાસો તેજ બન્યા છે. જાહેર સભામાં ડેડીયાપાડાના ધારાસભ્ય તથા આદિવાસી નેતા ચૈતર વસાવા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમના સાથે યુવા નેતા યુવરાજસિંહ જાડેજા, છોટાઉદેપુર લોકસભાના પ્રભારી મુકેશભાઈ બારીયા, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ રાધિકાબેન રાઠવા સહિત આમ આદમી પાર્ટીના અનેક આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા. ચૈતર વસાવાએ પોતાના ભાષણમાં ભાજપ અને કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે ડભોઈ તાલુકામાં યુવા પેઢી દારૂ અને ડ્રગ્સના રવાડે ચઢી રહી છે અને ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવા



છતાં સત્તાધીશો આંખ મીંચી બેઠા છે. તેમણે જણાવ્યું કે આ સ્થિતિમાંથી બહાર આવવા માટે રાજકારણમાં પરિવર્તન લાવવું જરૂરી છે અને આગામી નગરપાલિકા, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીને મજબૂત બનાવવાની અપીલ કરી હતી. આ જાહેર સભા દરમિયાન સીમાળિયા જિલ્લા પંચાયત વિસ્તારના ભાજપ અને કોંગ્રેસના 150થી વધુ યુવાનો તથા બહેનોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી પાર્ટીમાં જોડાણ કર્યું હતું. મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો તેમજ સ્થાનિક નાગરિકોની હાજરીએ સભાને વધુ બળ આપ્યું હતું. આવનારી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ જાહેર સભા ડભોઇ તાલુકાની રાજકીય સ્થિતિમાં મહત્વપૂર્ણ વળાંક લાવનારી સાબિત થઈ શકે છે, તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

## રાજ્યભરમાં જ્વેલરી શોરૂમ્સ પર તોલમાપ તંત્રની તપાસ!

# 370 સોના-ચાંદીની દુકાનોમાં અચાનક તપાસ, 253 કેસ નોંધાયા; સ્થળ પર જ 6.79 લાખ વસૂલાયા

**કાર્યવાહી** — ગ્રાહકોના હિતોની રક્ષા અને વેપારમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા નો ઉદ્દેશ



• અમદાવાદ

રાજ્ય સરકારે તોલમાપ તંત્ર મારફતે સખત કાર્યવાહી હાથ ધરી છે. કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યભરમાં નિયમિત તપાસ અને ગ્રાહક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે તા. 2 અને 3 જાન્યુઆરી-2026ના રોજ રાજ્યના 25 જિલ્લાઓમાં 370 જેટલા સોના-ચાંદીના વેપારીઓ અને જ્વેલરી શોરૂમ્સ પર સામૂહિક આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી. આ તપાસ દરમિયાન વિવિધ ગેરરીતિઓ સામે આવતા તોલમાપ તંત્ર દ્વારા 253 કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પરિણામે રૂ. 6.79 લાખ જેટલી માંડવાળ ફી સ્થળ પર જ E-POS, UPI, ઈ-પેમેન્ટ અને ચેક મારફતે વસૂલ કરવામાં આવી હોવાનું કાનૂની માપવિજ્ઞાન તંત્ર, ગાંધીનગર દ્વારા જણાવાયું છે. તપાસમાં અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 61 એકમોની તપાસ સામે 22 કેસ નોંધાયા હતા. જ્યારે ભરૂચ-નર્મદા જિલ્લામાં 27 એકમોમાંથી 25 કેસ, જૂનાગઢ-ગીરસોમનાથમાં 21 એકમોમાંથી 20 કેસ, ભાવનગર-બોટાદમાં 20 એકમોમાંથી 17 કેસ અને સુરતમાં 20 એકમોમાંથી 14 કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, પાટણ, તાપી, વલસાડ, નવસારી, રાજકોટ, મોરબી સહિત અનેક જિલ્લાઓમાં પણ કાર્યવાહી કરવામાં આવી. આ તપાસ દરમિયાન જ્વેલરી દુકાનોમાં વપરાતા વજનકાંટા અને માપોમાં ચકાસણી-મુદ્રાંકન વગરના વજનનો ઉપયોગ, ઓછું વજન આપવું, ખરાઈ પ્રમાણપત્ર પ્રદર્શિત ન કરવું અને ચકાસણી વગરના વજનો રાખવા જેવી ગંભીર ગેરરીતિઓ બહાર આવી હતી. કાનૂની માપવિજ્ઞાન તંત્રના જણાવ્યા મુજબ વર્ષ દરમિયાન વિવિધ વિશેષ ઝુંબેશોમાં દિવાળી દરમિયાન મીઠાઈ અને ફરસાણની દુકાનો, પેટ્રોલ-ડીઝલ પંપ, ખાતર-બિયારણના વિક્રેતાઓ, ગોડાઉન અને હાઈવે હોટલોમાં તપાસ કરી ગેરરીતિ બદલ કુલ રૂ. 18.77 લાખથી વધુની માંડવાળ ફી વસૂલવામાં આવી છે. રાજ્ય સરકારની આ સક્રિય કામગીરીથી ગ્રાહકોને યોગ્ય માપ-તોલ સાથે વિશ્વાસપૂર્ણ વેપાર સુનિશ્ચિત થતો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# ડિસેમ્બર 2026 સુધીમાં ગુજરાતને 5 નવી મેડિકલ કોલેજ-હોસ્ટેલ મળશે

## CM ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રની 10 આરોગ્ય યોજનાઓની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી

• અમદાવાદ

રાજ્યના અંતરિયાળ અને ગ્રામ્ય વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચે તે દિશામાં ગુજરાતે વધુ એક મોટું પગલું ભર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કેન્દ્ર પુરસ્કૃત આરોગ્યલક્ષી 10 મુખ્ય યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી અને સમયમર્યાદામાં તમામ યોજનાઓ પૂર્ણ થાય તે માટે સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠકમાં જણાવવામાં આવ્યું કે રાજપીપળા, મોરબી, નવસારી, ગોધરા અને પોરબંદર ખાતે નિર્માણ પામતી પાંચ નવી મેડિકલ કોલેજો, સંલગ્ન હોસ્પિટલો અને હોસ્ટેલ્સના કામો ડિસેમ્બર 2026 સુધી પૂર્ણ થશે. આ સાથે આદિવાસી અને સૌરાષ્ટ્રના દૂરદરાજના વિસ્તારોના લોકોને નજીકમાં જ અત્યાધુનિક અને સંગીન આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "હેલ્થ કેર ફોર ઓલ" અભિગમને



અનુરૂપ રાજ્યમાં ચાલી રહેલી યોજનાઓની પ્રગતિની વિગતવાર સમીક્ષા કરી. ગુજરાતમાં 7,733 હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ દ્વારા ગ્રામ્ય સ્તર સુધી હોલિસ્ટીક હેલ્થકેર - આયુર્વેદ અને હોમિયોપેથી સહિત - અસરકારક રીતે પહોંચાડાઈ રહી છે, તેવી માહિતી બેઠકમાં રજૂ કરવામાં આવી. પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ મિશન હેઠળ રાજ્યમાં 410 અર્બન હેલ્થ સેન્ટર્સ, 33 જિલ્લાઓમાં આધુનિક લેબોરેટરીઝ અને 32 જિલ્લાઓમાં ક્રિટિકલ કેર બ્લોક્સના નિર્માણની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં 302 સબ સેન્ટર્સ અને 23 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો પૂર્ણ થયાની જાણકારી આપવામાં આવી. આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત રાજ્યમાં પારદર્શી, ઝડપી અને એ.આઈ. આધારિત ટેક્નોલોજીથી વધુ સચોટ અમલીકરણ થાય તે માટે મુખ્યમંત્રીએ ખાસ સૂચનો આપ્યા. બેઠકમાં જણાવ્યા મુજબ રાજ્યમાં 2.69 કરોડથી વધુ સભ્યોનું રજીસ્ટ્રેશન થયું છે અને 10 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવારની સુવિધા ઉપલબ્ધ છે. ઉપરાંત, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત 3.44 લાખથી વધુ માતાઓને પોષણ સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનની કલ્યાણકારી યોજનાઓના અમલમાં ગુજરાત સતત અગ્રેસર રહ્યું છે અને કેન્દ્ર પુરસ્કૃત આરોગ્યલક્ષી યોજનાઓના શ્રેષ્ઠ અમલીકરણ દ્વારા "સ્વસ્થ ગુજરાત"ના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.

# અમદાવાદ જિલ્લા શિક્ષણ સંઘ દ્વારા યોજાયો રમોત્સવ



• અમદાવાદ

અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા માંડલ ખાતે મહર્ષિ દયાનંદ વિદ્યાલયમાં રમોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાના નવ તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમોત્સવનું આયોજન અમદાવાદ જિલ્લા શિક્ષણ સંઘ અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શિક્ષણ કલ્યાણ નિધિ અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગોળા ફેંક, ઊંચી કૂદ, ચક્ર ફેંક, વોલીબોલ, ક્રિકેટ, લાંબી કૂદ, ચેસ અને રંગોળી જેવી વિવિધ રમતોનું આયોજન થયું હતું. રમતોમાં વિજેતા બનેલા શિક્ષકોને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અમદાવાદ જિલ્લાના નવ તાલુકાના આચાર્યોને તેમની શાળાઓને શ્રેષ્ઠ બનાવવા બદલ વિશેષ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ઓલપાડ પોલીસે સાયણના કાશી ફળિયામાંથી વિદેશી દારૂ સાથે મહિલાને ઝડપી

• ઓલપાડ

ગત શનિવાર,તા.૦૩ ના રોજ મોડી સાંજે ઓલપાડ પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી,ત્યારે અ.હે.કો. મુકેશ જેરામને બાતમી મળી હતી કે,સાયણ ટાઉનના કાશી ફળિયામાં રહેતી બુટલેગર ગીતાબેન સુરેશભાઈ રાઠોડ (ઉ.વ.૫૦)ના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી વેપલો કરી રહી છે.જેથી પોલીસે રાત્રે-૮:૩૦ કલાકના સુમારે રેઈડ કરતા તેણીના ઘરના ઘરના પાછળના વાડામાંથી કોથળીમાં સંતાડેલ વિદેશી દારૂની નાની બોટલો તથા બીયર મળી કુલ નંગ-૧૦૦, જેની કિંમત રૂપિયા ૧૬ ૪૦૦ નો મુદ્દામાલ મળી આવતાં કબજે લઈ તેણીને ઝડપી મુદ્દામાલ કબજે લીધો હતો.પોલીસે મહિલા બુટલેગરને વિદેશી દારૂનો જથ્થો કયાંથી લાવી છે?તે બાબતે પુછતાં તેણીએ કહ્યું હતુ કે,આ વિદેશી દારૂનો જથ્થો તેનો દિકરો રોહિત લાવે છે અને હું છુટક વેચાણ કરૂ છું.જેથી પોલીસે દારૂ મંગાવનાર તેના પુત્ર રોહિત બાબુ રાઠોડને વોન્ટેડ જાહેર કરી બંન્ને વિરૂધ્ધ કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાણીપ્રેમી યુવતીની ફરિયાદ બાદ પોલીસે તપાસ શરૂ કરી

# ગાંધીનગરના અડાલજમાં રખડતા શ્વાનને મારી નાખી હોર્ડિંગ સાથે ઊંધું લટકાવ્યું

• ગાંધીનગર

ગાંધીનગરના અડાલજ પોલીસ મથકની હદમાં આવતા ખોરજ-ઝુંડાલ વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે. એક નિર્દોષ રખડતા શ્વાનને ક્રૂરતાપૂર્વક મારી નાખ્યા બાદ તેને દોરડા વડે જાહેરાતના હોર્ડિંગ સાથે ઊંધું લટકાવી દેવામાં આવ્યું હતું. આ મામલે પ્રાણીપ્રેમી યુવતીએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જેમાં સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ પર શ્વાનની હત્યાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં રહેતી આશિતાબેન પટેલ નામની યુવતીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતા ધર્મેન્દ્રકુમાર દરરોજ રાત્રે રખડતા શ્વાનોને દૂધ-ખીચડી ખવડાવવા નીકળે છે. ગત 2 જાન્યુઆરીની રાત્રે જ્યારે તેઓ ખોરજ સીમમાં લુબી કોર્પોરેટ ઓફિસની પાછળ અવાવરુ જગ્યાએ ગયા ત્યારે તેમની સોસાયટીની શેરીમાં રહેતા એક




સફેદ-ભૂરા રંગના શ્વાનને લોખંડના બોર્ડ સાથે દોરડાથી ઊંધું લટકેલી હાલતમાં જોયો હતો. જે શ્વાન મરણ પામેલી હાલતમાં હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર મરણ જનાર શ્વાનની ઉંમર આશરે 4 વર્ષ હતી. આ જ શ્વાને 2 જાન્યુઆરીની સવારે સોસાયટીના ગેઈટ પર ફરજ બજાવતા એક સિક્યુરિટી ગાર્ડને આંગળી પર બચકું ભર્યું હતું. આ ઘટનાનો બદલો લેવા માટે સિક્યુરિટી ગાર્ડે જ શ્વાનને મારી નાખીને તેને આ રીતે લટકાવ્યો હોવાની પ્રબળ શંકા પરિવારે વ્યક્ત કરી છે. આ ઘટનાની જાણ થતા જ આશિતાબેન અને તેમની બહેન પિતા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. શરૂઆતમાં 112 પર કોલ કર્યા બાદ તેઓ ચાંદખેડા પોલીસ સ્ટેશન ગયા હતા. પરંતુ હદ અડાલજની હોવાથી આખરે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે અબોલ જીવની લાશનો કબજો મેળવી તેનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આ અંગે અડાલજ પોલીસ મથકના પીઆઈ એલ. ડી. ઓડેદરાએ કહ્યુ કે, ફરિયાદી દ્વારા શ્વાનને લટકતી હાલતમાં નીચે ઉતારીને પહેલા સારવાર માટે લઈ જવાયો હતો. જ્યાં તબીબે શ્વાનને મૃત જાહેર કર્યો હતો. બાદમાં બધા અહીં ફરિયાદ કરવા આવ્યા હતા. ફરિયાદમાં સિક્યુરિટી ગાર્ડ સામે શંકા વ્યક્ત કરાઈ છે. જેથી સિક્યુરિટી ગાર્ડને પણ તપાસવા માં આવ્યો હતો. જેમાં નક્કર પુરાવા હજી મળ્યા નથી. આરોપીની ઓળખ કરવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ અને સ્થાનિકોની પૂછપરછ શરૂ કરી છે.

# સરકારી બાબુઓના 'કાળા' કારનામા: પ્રજાના પૈસે તાગડધિન્ના કરતા ભ્રષ્ટાચારીઓનો પર્દાફાશ

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે

ગુજરાતમાં ઈમાનદારીની વાતો વચ્ચે ભ્રષ્ટાચારની ઉધઈ વહીવટી તંત્રને અંદરથી કોતરી રહી હોય તેમ જણાય છે. વર્ષ દરમિયાન એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) દ્વારા જે આંકડા જાહેર કરવામાં આવ્યા છે, તે ચોંકાવનારા છે. આ આંકડા સાબિત કરે છે કે સરકારી કચેરીઓમાં ફાઈલો ત્યારે જ આગળ વધે છે જ્યારે તેને 'ગાંધીછાપ' નોટોના પૈડાં મળે છે.વર્ષનો હિસાબ: લાંચની લેતી-દેતીઆ વર્ષે રાજ્યમાં ભ્રષ્ટાચારના કુલ 213 કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે સત્તાના મદમાં ચૂર એવા ક્લાસ-વનના 13 અધિકારીઓ સહિત કુલ 187 સરકારી બાબુઓ લાંચ લેતા ઝડપાયા છે. આ ભ્રષ્ટ અધિકારીઓએ જનતાના ખિસ્સામાંથી કુલ 1.73 કરોડ રૂપિયા ની લાંચ ઓહિયાં કરી છે. સમગ્ર વર્ષ દરમિયાન ભ્રષ્ટાચારના વિવિધ મામલામાં કુલ 310 શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જે દર્શાવે છે કે ભ્રષ્ટાચારનું જાળું કેટલું ઊંડું ફેલાયેલું છે.અપ્રમાણસર મિલકતનો અંબારમાત્ર લાંચ લેવાથી આ બાબુઓ ધરાતા નથી. પોતાની સત્તાનો દુરુપયોગ કરીને અઢળક સંપત્તિ ભેગી કરવામાં પણ તેઓ પાછળ નથી. આ વર્ષે 15 સરકારી બાબુઓ સહિત 16 ભ્રષ્ટાચારીઓ સામે 17 કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકત (DA) ના કેસ દાખલ કરવામાં આવ્યા છે. પરસેવાની કમાણી કરતો સામાન્ય માણસ જ્યારે મોંઘવારીમાં પીસાય છે, ત્યારે આ બાબુઓ કરોડોના બંગલા અને મિલકતો વસાવી રહ્યા છે.ગૃહ વિભાગ 'ભ્રષ્ટાચાર'માં અવલજે વિભાગ પર કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી છે, તે જ ગૃહ વિભાગ ભ્રષ્ટાચારમાં મોખરે રહ્યો છે. ગૃહ વિભાગના બાબુઓ સામે સૌથી વધુ 62 ગુના નોંધાયા છે. આ ઉપરાંત અન્ય વિભાગોની સ્થિતિ પણ દયનીય છે:



**પંચાયત, ગૃહ નિર્માણ અને મહેસૂલ વિભાગ: 32 ગુનાટ્રેપ કેસ:** 174 (રંગેહાથ ઝડપાયેલા )ડીકોય કેસ: 19 (છટકું ગોઠવીને પકડાયેલા) સત્તાનો દુરુપયોગ: 4 કેસજનતા ક્યાં સુધી સહન કરશે?ACB એ આ વર્ષે 174 ટ્રેપ અને 16 જેટલા ડીએ (DA) કેસ કરીને ભ્રષ્ટાચારીઓના શ્વાસ અધ્ધર કરી દીધા છે, પરંતુ સવાલ એ થાય છે કે શું આ આંકડા માત્ર હિમશીલાની ટોચ સમાન છે? જે રીતે ગૃહ વિભાગના અધિકારીઓ જ ભ્રષ્ટાચારમાં 'અવલ' આવ્યા છે, તે વહીવટી તંત્રની પારદર્શકતા સામે મોટા સવાલો ઉભા કરે છે.ભ્રષ્ટાચારના આ રાક્ષસને નાથવા માટે માત્ર કાયદાકીય કાર્યવાહી પૂરતી નથી, પરંતુ સરકારી તંત્રમાં બેઠેલા 'સફેદ કોલર' ગુનેગારો સામે કડક દાખલો બેસાડવો પણ એટલો જ જરૂરી છે.

# હનીટ્રેપ: રૂપરૂપના અંબાર પાછળ છુપાયેલું 'કાળું' સત્ય અને બરબાદ થતી આબરૂ

• લેખક: અશ્વિન ગોહિલ

ગુજરાતમાં અત્યારે એક નવો 'ધંધો' જોરમાં છે– નામ છે 'હનીટ્રેપ'. સોશિયલ મીડિયાના જમાનામાં પ્રેમ તો ઓછો મળે છે, પણ હવસ અને લાલચનું ઝેર ચારેબાજુ ફેલાયેલું છે. રૂપરૂપના અંબાર જેવી યુવતીઓ, ફેસબુક-ઈન્સ્ટાગ્રામ પર આવતી ફ્રેન્ડ રિક્વેસ્ટ અને મધમીઠી વાતો... બસ, આટલી જ જરૂર હોય છે એક પ્રતિષ્ઠિત પુરુષને રસ્તા પર લાવવા માટે.

**મોહજાળમાં ફસાતા 'સફેદ કોલર' બાબુઓ :** તાજેતરના કિસ્સાઓ પર નજર કરીએ તો ખબર પડે કે હનીટ્રેપની જાળમાં માત્ર સામાન્ય માણસો જ નહીં, પણ મોટા ઉદ્યોગપતિઓ, સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ પણ શિકાર બની રહ્યા છે. ભ્રષ્ટાચાર કરીને કમાયેલા કાળા નાણાં જ્યારે વાપરવાની ભૂખ જાગે છે, ત્યારે જ આ મોહિનીઓ ત્રાટકે છે. પહેલા મિત્રતા થાય, પછી મુલાકાત થાય અને અંતે એક હોટલના રૂમમાં બધું જ શૂટ થઈ જાય. પછી શરૂ થાય છે અસલી ખેલ–બ્લેકમેઈલિંગ!

**કેવી રીતે કામ કરે છે આ 'ગિરોહ'?** આ કોઈ એકલ-દોકલ વ્યક્તિનું કામ નથી, આ એક પૂરેપૂરું વ્યવસ્થિત નેટવર્ક છે. શિકારની શોધ: પહેલા સોશિયલ મીડિયા પર એવા માણસોને ટાર્ગેટ કરવામાં આવે છે જેમની પાસે પૈસો અને સામાજિક પ્રતિષ્ઠા બંને હોય.

**મધમીઠી જાળ:** વીડિયો કોલ પર અશ્લીલ ચેષ્ટાઓ કરવી અને સામેવાળાને ઉશ્કેરવો.

**કેમેરાનો ખેલ:** છૂપા કેમેરા કે મોબાઈલ રેકોર્ડિંગદ્વારા સંબંધો બાંધતી વખતના વીડિયો ઉતારી લેવા.

**તોડપાણી:** વીડિયો વાયરલ કરવાની કે પોલીસ કેસ કરવાની ધમકી આપીને લાખો-કરોડો રૂપિયા પડાવવા.

**સભ્ય સમાજનું કદરૂપું પાસું**

ગુજરાતના સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં હનીટ્રેપના કેસોમાં ઉછાળો આવ્યો છે. અનેક કિસ્સાઓમાં તો પોલીસ કે વકીલોની મિલીભગત પણ બહાર આવી છે. શરમની વાત તો એ છે કે, પોતાની આબરૂ બચાવવા માટે ઘણા લોકો તો પોલીસ ફરિયાદ પણ કરતા નથી અને અંદરખાને પતી જાય છે. જે લોકો ફરિયાદ કરે છે, તેમની આબરૂના ધજાગરા જાહેર ચોકમાં થાય છે.

**સરકાર અને તંત્રની લાચારી?**

ACB અને પોલીસ વિભાગ ભલે દાવા કરે કે તેઓ સજાગ છે, પણ હનીટ્રેપ કરનારી આ ટોળકીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાયદાના છીંડાઓ શોધતી રહે છે. રાજ્યમાં આર્થિક ગુનાઓ તો વધ્યા જ છે, પણ આ નૈતિક પતન વધુ ભયાનક છે. સવાલ એ છે કે, જ્યારે રક્ષક જ ભક્ષક બને અથવા તો મોટા માથાઓ આમાં સંડોવાયેલા હોય, ત્યારે ન્યાયની અપેક્ષા કોની પાસે રાખવી?

**સાવચેતી એ જ સલામતી**

પુરુષોએ સમજવાની જરૂર છે કે સોશિયલ મીડિયા પર કોઈ અજાણી સુંદરી જ્યારે સામેથી વાત કરવા આવે, ત્યારે તે 'પ્રેમ' નથી હોતો પણ 'પ્રેમની જાળ' હોય છે. તમારી એક ક્ષણની નબળાઈ તમારા વર્ષોની મહેનત અને પરિવારની ઈજ્જતને માટીમાં મેળવી શકે છે. યાદ રાખજો, મધ મીઠું હોય છે પણ હનીટ્રેપનું મધ જીવલેણ હોય છે! લેખક અશ્વિન ગોહિલ ની કલમે

## કવિશ્રી મંગળ રાવળનું 'વાવી ઉજગરો' કાવ્ય ગીતનું પઠન કવિ શ્રી મંગર રાવળ જાતે કરી સમજૂતી આપી

# રાજપીપલા ખાતે જાણીતા કવિશ્રી દીપક જગતાપ રચિત કાવ્ય સંગ્રહ 'ઝાકળ ભીનાં ફૂલ'નું પુસ્તક વિમોચન

**કવિ સંમેલનમાં જાણીતા કવિઓ કવિશ્રી મંગળ રાવળ, રમેશ પટેલ,નૈષધ મકવાણા, જગદીશ પટેલ, કિશોર ટંડેલ, મહેશ ધીમર, દીપક જગતાપ ભાગ લેશે**

• દીપક જગતાપ, રાજપીપલા

જન કલ્યાણ સેવા ટ્રસ્ટ રાજપીપળા,નર્મદા સાહિત્ય સંગમ અને શ્રીમતિ સૂરજબા આર મહિડા કન્યા વિનય મંદિર, રાજપીપલા સંયુક્ત ઉપક્રમે કવિશ્રી દીપક જગતાપ રચિત કાવ્ય સંગ્રહ 'ઝાકળ ભીનાં ફૂલ'નું પુસ્તક વિમોચન અને કવિ સંમેલન રાજપીપલા ખાતે તા 6/1/26 ને મંગળવારે શ્રીમતિ સૂરજબા આર મહિડા કન્યા વિનય મંદિર, રાજપીપલા યોજાનાર છે આ પ્રસંગે કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે ખાસ કવિશ્રી મંગળ રાવળ, શ્રી રમેશ પટેલ,શ્રી નૈષધ મકવાણા શ્રી જગદીશ પટેલ,શ્રી કિશોર ટંડેલ શ્રી મહેશ ધીમર,દીપક જગતાપ તેમજ અતિથિ વિશેષ તરીકેશ્રીમતિ અમીષા બેન પવાર, પ્રિન્સિપાલ,શ્રીમતિ સૂરજબા આર મહિડા કન્યા વિનય મંદિર, રાજપીપલા ઉપસ્થિત રહેશે. આપ્રસંગે કવિશ્રી દીપક જગતાપ રચિત કાવ્ય સંગ્રહ 'ઝાકળ ભીનાં ફૂલ'નું પુસ્તક વિમોચન સમૂહમા મંચસ્થ મહાનુભવો દ્વારા




કરાશે.આ પ્રસંગે સ્વાગત પ્રવચન શ્રીમતિ જ્યોતિ જગતાપ પ્રમુખ,જન કલ્યાણ સેવા ટ્રસ્ટ, રાજપીપલા કરશે તેમજ 'ઝાકળ ભીના ફૂલ 'પુસ્તક વિશે પુસ્તક પરિચય કવિશ્રી રમેશ પટેલ આપશે. આ પ્રસંગે કવિ સંમેલન માં જાણીતા કવિશ્રી મંગળ રાવળ, શ્રી રમેશ પટેલ,શ્રી નૈષધ મકવાણા શ્રી જગદીશ પટેલ,શ્રી કિશોર ટંડેલ શ્રી મહેશ ધીમર,દીપક જગતાપ ભાગ લઈ પોતાના કાવ્યો રજૂ કરશે કવિ સંમેલનનુ સંચાલન કવિશ્રી નૈષધ મકવાણા કરશે આ પ્રસંગે ધોરણ 8 ના ગુજરાતી પાઠ્ય પુસ્તકના કવિશ્રી મંગળ રાવળનું 'વાવી ઉજગરો'કાવ્ય ગીતનું પઠન કવિ શ્રી મંગર રાવળ જાતે કરી સમજૂતી આપી વિદ્યાર્થી ઓને માર્ગદર્શન આપશે.

# સ્ત્રીનું 'મૌન' એ દુનિયાની સૌથી મોટી 'બૂમ' છે, જેને કાનથી નહીં પણ 'હૃદય'થી સાંભળવી પડે છે



• દર્શના પટેલ નેશનલ મેડાલિસ્ટ

સંબંધોમાં વાદ-વિવાદ, મીઠી તકરાર અને ફરિયાદો એ જીવંત હોવાની નિશાની છે. ખાસ કરીને એક સ્ત્રી જ્યારે ફરિયાદ કરે છે, ત્યારે તેનો અર્થ એ છે કે તેને હજુ પણ સામેની વ્યક્તિ પાસે અપેક્ષા છે, તેને હજુ પણ સંબંધમાં સુધારો લાવવાની આશા છે. પણ એક સમય એવો આવે છે જ્યારે તે સંપૂર્ણપણે મૌન થઈ જાય છે. અપેક્ષાઓનો અંત અને લાગણીઓનો થાક સ્ત્રી ત્યાં જ હક જતાવે છે જ્યાં તેને લાગે છે કે તે સાંભળવામાં આવશે. શરૂઆતમાં તે લડે છે, રડે છે અને પોતાની વાત સમજાવવા મથે છે. પણ જ્યારે વારંવાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય આવે, ત્યારે તે માની લે છે કે હવે કંઈ બદલાવાનું નથી. આ સ્થિતિમાં તે પોતાની શક્તિ વેડફવાનું બંધ કરી દે છે. આ મૌન શાંતિનું પ્રતીક નથી, પણ એક પ્રકારના વિરામ અથવા માનસિક અંતરનું સૂચક છે. ભાવનાત્મક જોડાણ નું તૂટવું (Emotional Detachment) ફરિયાદ એ પ્રેમનું એક રૂપ છે. આપણે એની જ પાસે હક જતાવીએ છીએ જેને આપણે આપણા માનીએ છીએ. જ્યારે સ્ત્રી મનથી એ વ્યક્તિથી દૂર થઈ જાય છે, ત્યારે તે ફરિયાદ કરવાનું પણ જરૂરી સમજતી નથી. તેનું મૌન એ સંકેત છે કે હવે તેણે સામેની વ્યક્તિ પર માનસિક રીતે નિર્ભર રહેવાનું છોડી દીધું છે. તે હવે પોતાની ખુશીઓ અન્ય વસ્તુઓમાં શોધવા લાગે છે. સેલ્ફ-રિસ્પેક્ટ અને આંતરિક શક્તિ .વારંવાર એકની એક વાત માટે કરગરવું કે ઝઘડવું તે સ્ત્રીના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. પોતાનું ગૌરવ જાળવી રાખવા માટે તે મૌનનો રસ્તો પસંદ કરે છે. તે સમજી જાય છે કે 'જ્યાં શબ્દોની કિંમત નથી, ત્યાં મૌન જ ભલું.' તે પોતાની બાકી બચેલી શક્તિ હવે પોતાની જાતને સાચવવામાં વાપરવા માંગે છે.

ધારો કે એક પત્ની તેના પતિને રોજ ફરિયાદ કરે છે કે, 'તમે મને સમય નથી આપતા.' જો પતિ વર્ષો સુધી આ વાતને નજર અંદાજ કરે, તો એક દિવસ પત્ની કહેવાનું બંધ કરી દેશે. પતિને લાગશે કે 'હવે શાંતિ છે,' પણ વાસ્તવમાં પત્નીએ હવે પતિ પાસેથી સમયની આશા રાખવાનું જ છોડી દીધું હશે. તે પોતાની દુનિયા અલગ બનાવી લેશે, જેમાં પતિની હાજરી હોવા છતાં તેની ખોટ તેને નહીં સાલે.

બોલતી સ્ત્રી કરતાં મૌન સ્ત્રી વધારે ખતરનાક હોય છે, કારણ કે તેના શબ્દો કાનમાં વાગે છે પણ તેનું મૌન હૃદયને ચીરી નાખે છે. પુરુષોએ ઘણીવાર સ્ત્રીના મૌનને 'સમજદારી' અથવા 'શાંતિ' માની લેવાની ભૂલ કરે છે. પરંતુ વાસ્તવમાં, સ્ત્રીનું મૌન એ ભયજનક વળાંક છે. જો તમારી આસપાસની કોઈ સ્ત્રી અચાનક ફરિયાદ કરવાનું બંધ કરી દે, તો રાજી થવાને બદલે તેની પાસે જઈને બેસજો. તેને સાંભળવાનો પ્રયત્ન કરજો, કારણ કે એ મૌન એ દુનિયાની સૌથી મોટી બૂમ છે. જો તમે સમયસર એ બૂમ નહીં સાંભળો, તો કદાચ તમે હંમેશા માટે એક શુદ્ધ હૃદયને ખોઈ બેસશો.

## રાશીફળ (તા.05-01-2026)

**મેષ:** આજનો દિવસ આનંદ અને સફળતા લાવનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની ચર્ચા ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ભાઈઓનું પણ પૂરું સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ):** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવવો જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી વિચારવું યોગ્ય રહેશે.

**મિથુન:** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવનમાં કેટલાક સકારાત્મક બદલાવ આવશે.

**કર્ક:** કર્ક રાશિના લોકો માટે આજે વ્યવસાયમાં લાભના અવસર મળશે. પૈસા સંબંધિત કામોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની પોઝિશન સુધારવાની જરૂર છે.

**સિંહ:** સિંહ રાશિના લોકો માટે આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે કોઈ મતભેદ થઈ શકે. ભૂતકાળની ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં બદલાવ લાવશો, જે ખૂબ જ લાભદાયક રહેશે.

**કન્યા:** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ સારો રહેશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. ઘરમાં સભ્યો વચ્ચે પ્રેમપૂર્ણ વાતાવરણ રહેશે. કોઈ મિત્રની મુલાકાતથી જૂની યાદો તાજી થશે.

**તુલા:** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમને તમારી અટકેલી રકમ મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત શુભ સમાચાર મળી શકે છે.

**વૃશ્ચિક:** વૃશ્ચિક રાશિના લોકોને આજનો દિવસ મુશ્કેલીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન:** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કડક વાતને ગેરસમજી શકે છે, એટલે સંવાદ શાંત રાખો.

**મકર:** આજનો દિવસ મકર રાશિના લોકો માટે સારો રહેશે. જીવનસાથી સાથે ફરવા જઈ શકો અને એકબીજા સાથે સારો સમય વિતશો.

**કુંભ:** આજના દિવસે તમે કોઈ મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન:** મીન રાશિના લોકોને આજે આનંદ મળશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં જીવનસાથી સાથે સમજણ અને નજીકીઓ વધશે.

# કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં "દરિયાની રેતમાં રમતું નગર પોરબંદર" પુસ્તકનું વિમોચન

**તસ્વીરકાર જીતેન્દ્ર મોઢાના પુસ્તક વિમોચનમાં જીલ્લા કલેકટર એસ. ડી.ધાનાણી,પોલીસ વડા ભગીરથ સિંહજાડેજા ઈતિહાસવિંદ નરોત્તમ પલાણ સહિત ની ઉપસ્થિતી**

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના ગાંધી સ્મૃતિ ભવન ચોપાટી ખાતે ગુજરાત સાહિત્ય એકાદમી, ગાંધીનગર તથા નવરંગ સાહિત્ય સંગીત કલા પ્રતિષ્ઠાન, પોરબંદરના સંયુક્ત ઉપક્રમે આયોજિત પુસ્તક વિમોચન અને કવિ સંમેલન કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વન અને પર્યાવરણ વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ જાણીતા ઈતિહાસવિદ નરોત્તમ પલાણની પ્રેરક ઉપસ્થિતિમાં પોરબંદરના જાણીતા તસ્વીરકાર જીતેન્દ્રસિંહ સોઢા દ્વારા રચિત "દરિયાની રેતમાં રમતું નગર પોરબંદર" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રીએ લેખક જીતેન્દ્રસિંહ સોઢાને તેમના પુસ્તક સર્જન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને પોરબંદરની સંસ્કૃતિ, ઈતિહાસ તથા કુદરતી સૌંદર્યને ઉજાગર કરતું આ પુસ્તક વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણી, જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, ઈતિહાસવિદ નરોત્તમ પલાણ, પોરબંદર શહેર ભાજપ પ્રમુખ સાગરભાઈ મોદી, નવરંગ સાહિત્ય સંગીત કલા પ્રતિષ્ઠાનના પ્રમુખ લાખણશી ગોરાણિયા સહિત સાહિત્યપ્રેમી નાગરિકો, શિક્ષકો તથા અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



પોરબંદર કલેકટરનો વધુ એક સપાટો

# પ્રોહીબિશનના બે ધંધાર્થીને સુરત અને વડોદરા ની જેલમાં પાસાના પિંજરે પૂર્યા

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના કુતિયાણા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન નોંધાયેલ ગુન્હા ના કામેના જામજોધપુર તાલુકા ના સત્તાપર ગામના એક શખ્સ ને સુરત અને જૂનાગઢ રહેતા એક શખ્સ ને અનુક્રમે વડોદરા જેલ પાસાના પિંજરે ધકેલવા પોરબંદર લોકલ કાઈમ બ્રાન્ચે કરી કાર્યવાહી જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા દ્વારા પોરબંદર જિલ્લામાં જુગાર નો અડ્ડો ચલાવનાર તથા ગેર કાયદેસર દારૂના જથ્થામાં પકડાયેલ ઈસમ વિરૂધ્ધમાં પાસા હેઠળના અટકાયતી પગલા લેવા સુચના કરેલ

જે સૂચના અનુસંધાને ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક ધ્રુવલ સી.સુતરીયા ગ્રામ્ય વિભાગના રાણાવાવના માર્ગદર્શન હેઠળ કુતિયાણા પોલીસ સ્ટેશનના દારૂના ના ગુન્હામાં સંડોવાયેલ આરોપી કિશન ભુપતભાઈ ઉલવા ઉ.વ. ૨૭ રહે. સત્તાપર ગામ, તાલુકો જામજોધપુર ,જિલ્લા જામનગર તથા ચિરાગભાઈ હરસુખભાઈ મકવાણા ઉ.વ.૨૭ રહે, જુનાગઢ ભરડા વાવ ઢોળા ઉપર તા. જુનાગઢ વાળા વિરૂધ્ધમાં અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સુચના મુજબ કુતિયાણા




પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.પરમારએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલતા પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કુતિયાણા ના પોલીસ સ્ટેશનના આ બન્ને સામાવાળા શખ્સ ને પાસા હેઠળ સુરત અને વડોદરા જેલમાં અટકાયતમાં રહેવા પાસા વોરન્ટ ઈસ્યુ કરતા એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર. કે. કાંબરીયાનાઓ એ સામાવાળાઓ બને શખ્સોને પાસા વોરંટની બજવણી બાદ અટકાયત કરી અનુક્રમે બને શખ્સોને સુરત અને વડોદરા એમ અલગ અલગ જેલ ખાતે મોકલી આપેલ આ કામગીરીમાં પોરબંદરના કુતિયાણા પો.સ્ટે.ના પો.ઈન્સ. વી.વી. પરમાર તથા પોરબંદર એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર કે કાંબરીયા તથા એલ.સી.બી સ્ટાફ તથા કુતિયાણા પોલીસ સ્ટેશનનાનો સ્ટાફ રોકાયેલ હતા.

**શિખામણ** કાર્યક્રમમાં ટ્રાફિક શાખાનાપી.એસ. આઇ. કે.બી. ચૌહાણ ની ટીમ દ્વારા માર્ગદર્શન અપાયું

# રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત રાણાવાવ બસ સ્ટેન્ડ ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો

## ચાલુ વાહનમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો સહિતની વિવિધ માહિતી અપાઇ

• વિરમભાઈ કે. આગઠ

સમગ્ર રાજ્યમાં ગુજરાત પોલીસ દ્વારા તા.૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત પોરબંદર જિલ્લામાં પણ પોલીસ અધિક્ષક ભગીરથ સિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબાનાઓ ના માર્ગદર્શન અને સૂચન મુજબ તેમજ ટ્રાફિક શાખાના પોલીસ ઈન્સ્પેકટર એમ.એલ. આહિરના માર્ગદર્શન હેઠળ આજ રોજ રાણાવાવ બસ સ્ટેન્ડ પાસે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ટ્રાફિક ટીમ દ્વારા જનતાને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કે ભારત દેશમાં દરરોજ સરેરાશ ૪૫૦થી વધુ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે, જ્યારે ગુજરાત રાજ્યમાં દરરોજ ૨૦થી વધુ લોકો અકસ્માતમાં જીવ ગુમાવે છે. સંપૂર્ણ સ્વસ્થ અને નિરોગી વ્યક્તિઓનું આ રીતે મૃત્યુ થવું સમગ્ર સમાજ માટે ચિંતાનો વિષય છે. વાહનચાલકો દ્વારા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન જેવા કે ચાલતા વાહનમાં મોબાઈલ ફોનનો ઉપયોગ, હેલ્મેટ ન પહેરવું, સીટ બેલ્ટ ન બાંધવી, રોંગ સાઈડમાં વાહન ચલાવવું, ઓવરસ્પીડ, પરમિટ કરતાં વધુ મુસાફરો બેસાડવા તથા નિયમ વિરુદ્ધ ઓવરટેક કરવું વગેરે કારણોસર ગંભીર અને જીવલેણ અકસ્માતો સર્જાતા હોવાનું સમજાવવામાં આવ્યું હતું. આવા અકસ્માતો નિવારવા માટે તમામ વાહન ચાલકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત જનતાને રાહ-વીર યોજના અંગે માહિતી આપવામાં આવી હતી. અગાઉ આ યોજના "ગુડ સમરીટન યોજના" તરીકે ઓળખાતી હતી, જેમાં અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને પ્રથમ કલાકમાં હોસ્પિટલ અથવા ટ્રોમા કેર સેન્ટરમાં પહોંચાડનાર નાગરિકને પ્રશંસા પત્ર તથા રૂ.૫,૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવતું હતું. સરકાર દ્વારા જૂન-૨૦૨૫થી આ યોજનાને "રાહ-વીર યોજના" તરીકે અમલમાં મૂકવામાં આવી છે, જેમાં રોકડ પુરસ્કારની રકમ રૂ.૫,૦૦૦થી વધારીને રૂ.૨૫,૦૦૦ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત માર્ગ અકસ્માતમાં ઘાયલ કે ઈજાગ્રસ્ત વ્યક્તિને નિસ્વાર્થ ભાવે મદદ કરનાર નાગરિકને "રાહ-વીર પ્રશંસા પત્ર" તથા રૂ.૨૫,૦૦૦નો રોકડ પુરસ્કાર સરકાર તરફથી આપવામાં આવે છે. ઉપરાંત, રાહ-વીરોની પોલીસ પૂછપરછ નહીં થાય તેવી ખાતરી આપવામાં આવી છે. તેથી જ્યારે પણ કોઈ માર્ગ અકસ્માત નજરે પડે ત્યારે પોલીસનો ભય રાખ્યા વિના ઘાયલ




વ્યક્તિને મદદરૂપ થવા ટ્રાફિક પોલીસ દ્વારા જનતાને અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. કે.બી. ચૌહાણ, એ.એસ.આઈ. કે.બી. પરમાર, વુમન પોલીસ કોન્સ્ટેબલ રેણુબેન બાંભણીયા, ડ્રાઈવર ભીખુભાઈ રાણાવાયા, મયુરભાઈ બાલશ તેમજ ટ્રાફિક બ્રિગેડના દિલીપભાઈ ગોઢાણીયા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ગુજરાતના પાટનગર ગાંધીનગર, અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં

# ગટરનું પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું હોવાની સતત ફરિયાદો, તંત્ર મૌન

'જન આક્રોશ યાત્રા' - પરિવર્તનનો શંખનાદ (ચૌદમો દિવસ) | બાળકો હોસ્પિટલમાં દાખલ છે, છતાં સરકારના પેટનું પાણી પણ નથી હલતું!:ચાવડા



• દાહોદ

ગુજરાતની જનતાના પ્રશ્નો, તકલીફ, દર્દ, પીડા અને આક્રોશને વાચા આપવા માટે જન આક્રોશ યાત્રાના બીજા ચરણમાં તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ (શનિવાર)થી તા. ૬ જાન્યુઆરી ૨૦૨૬ (મંગળવાર) સુધી ૧૪૦૦ કિ.મી. ના ભ્રમણ દરમિયાન સમગ્ર મધ્ય ગુજરાતની જનતાના આક્રોશને અવાજ આપવાના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, AICCના મંત્રી તથા ગુજરાત સહપ્રભારી શ્રી રામકિશન ઓઝા સહિતના વરિષ્ઠ આગેવાનો અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં 'જન આક્રોશ યાત્રા' - પરિવર્તનનો શંખનાદ (ચૌદમો દિવસ) ની શરૂઆત કરવામાં આવી.

જન આક્રોશ યાત્રાના ૧૪મા દિવસનો પ્રારંભ સંતરામપુરથી થયો. યાત્રા ઉખરેલી, સલર, ફતેપુરા, પાડલીયા ચોકડી, સુખસર, કલજીની સરસવાણી અને ઝાલોદ ખાતે બિરસામુંડાજીની પ્રતિમાને, બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને, સરદાર સાહેબની પ્રતિમાને તથા ઝાલા વસૈયાજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ બજરવાડા, હિલોરા તળાવ, કરમબા, તરમી વડલો, સંજેલી ટાઉન, સીંગવડ ખાતે ભમરેચી માતા મંદિર દર્શન, ત્યારબાદ સીંગવડ, કેસરપુર ચોકડી, દુધીયા ચોકડીથી લીમખેડા સુધી કુલ ૧૪૨ કિ.મી.ની યાત્રા સંપન્ન થઈ. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જાહેરસભાને સંબોધતાં જણાવ્યું હતું કે જન આક્રોશ યાત્રા મધ્ય ગુજરાતમાં દાહોદ જિલ્લામાં પ્રવેશ કરી હવે સમાપન તરફ આગળ વધી રહી છે. સમગ્ર દાહોદ જિલ્લામાં લોકોએ અત્યંત ઉત્સાહ અને ઉમંગ સાથે યાત્રાનું સ્વાગત કર્યું છે. ઝાલોદ, સંજેલી, લીમખેડા અને ફતેપુરા તાલુકામાં થયેલા ભ્રમણ દરમિયાન દરેક જગ્યાએ મનરેગા અને 'નલ સે જલ' યોજનામાં કરોડો રૂપિયાનાં ભ્રષ્ટાચારની ગંભીર ફરિયાદો સામે આવી છે. આ વિસ્તારમાં સરહદ પરથી દારૂની ખુલ્લેઆમ હેરાફેરી થાય છે અને મોટા પ્રમાણમાં દાહોદમાંથી ગાંધીનગર સુધી હપ્તા પહોંચે છે - એવી ફરિયાદ જનતામાંથી ઉઠી છે. એક તરફ મોંઘવારીથી લોકો ત્રસ્ત છે, યુવાનોને રોજગાર મળતો નથી, શિક્ષણ મોંઘું બન્યું છે અને સ્થાનિક ઉદ્યોગો ન હોવાને કારણે લોકો મજૂરી માટે સૌરાષ્ટ્ર અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવા મજબૂર છે, જેના કારણે તેમના પરિવારનું જીવન બરબાદ થઈ રહ્યું છે. એક તરફ ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે અને દૂષિત પાણી પીવાને કારણે સમગ્ર ગુજરાતમાં લોકો બીમાર પડી રહ્યા છે. ગાંધીનગર અને અમદાવાદમાં લોકો હોસ્પિટલોમાં દાખલ છે. ફતેપુરામાં તો રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તા - તે ઓળખવું મુશ્કેલ બની ગયું છે. વારંવાર રજૂઆતો છતાં એક પણ સરકારી તંત્ર કે નેતા લોકોની તકલીફોના નિવારણ માટે આગળ આવતો નથી. ભ્રષ્ટાચારી શાસનના કારણે લોકો હેરાન-પરેશાન છે અને જન આક્રોશ યાત્રામાં લોકો રસ્તા પર ઉતરીને પોતાના પ્રશ્નો અને પીડા આક્રોશ સાથે વ્યક્ત કરી રહ્યા છે. અમે જનતાને ખાતરી આપીએ છીએ કે આ જન આક્રોશ યાત્રા તમારો અવાજ બુલંદ કરશે. જો સરકાર લોકોના આક્રોશ અને ફરિયાદોનું ત્વરિત નિવારણ નહીં કરે, તો આવનારા દિવસોમાં દાહોદ સહિત સમગ્ર ગુજરાતમાંથી લોકો ગાંધીનગર કૂચ કરશે.

# ઓલપાડના પરા વિસ્તારમાં દુકાનના કબજા મામલે બે મુસ્લિમ કાકા ભાઈ ઓ ઝઘડ્યા

## જાનથી મારી નાંખવાની ધમકીનો મામલો ઓલપાડ પોલીસ મથકમાં પહોંચ્યો

• ઓલપાડ

ઓલપાડ ટાઉનના પરા વિસ્તારમાં રહેતા મુસ્લિમ પરિવારના બે કુટુંબી પિતરાઈ કાકા ભાઈઓ દુકાનના કબજા મામલે બાખડ્યાં હોવાનો મામલો ઓલપાડ પોલીસ મથક સુધી પહોંચ્યો છે

ઓલપાડ ટાઉનના પરા વિસ્તારમાં ઓલપાડ સીટી સર્વે કચેરીના સરકારી રેકર્ડ ઉપર સર્વે નં.૫૮૫૭ વાળી મિલકત સમીર અબ્દુલ સમદ શેખ (હાલ રહે-ઝીલમીલ નગર,ઓલપાડ )એ ખરીદી કરતાં આ મિલકત તેની માલિકી ની હતી.પરંતુ સમીર શેખના સગા કાકાનું અવસાન થયા બાદ તેમણે તેના પિતરાઈ બે કાકા ભાઈ પૈકી મોંહમદ સાહીદ સલામુદીન શેખ, સિદીક અને પિતરાઈ બહેન આઈશાબાનું પાલન પોષણ કર્યું હતું.

ત્યારભાઈ ત્રણે પિતરાઈઓ મોટા થઈ ગયા બાદ બે ભાઈઓ પરા વિસ્તારના નાગોરીવાડમાં અને બહેનની શાદી થયા બાદ વલસાડ રહેતી હતી.જો કે ઓલપાડ ખાતેના સીટી સર્વે નં. ૫૮૫૭ વાળી મિલકત માં બાંધકામ કરાયું હતું,તે સમયે ગત તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ પાલક પિતરાઈ ભાઈ સમીર અબ્દુલ સમદ શેખે તેની પિતરાઈ બહેન આઈશાબાનુંને આ મિલકતના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૦૪ અને ૦૫ નો કબજો નોટરી કરાર લેખની શરત નં.૦૨ મુજબ કોઈપણ અવેજ રકમ લીધા વિના દસ્તાવેજ કરી આપવા લેખ લખી આપ્યો હતો. જેથી આ બંન્ને દુકાનમાં સિદીક સલામુદીન શેખે તેની બહેન આઈશાબાનુની સંમતિથી 'લઝીઝ પાન સેન્ટર' ના નામથી પાનનો ગલ્લો શરૂ કર્યો હતો.ગત શુક્રવાર, તા.૦૨ ના રોજ બપોર બાદ સિદીક અને તેનો નાનો ભાઈ મોહંમદ સલામુદીન શેખ લઝીઝ પાનના ગલ્લા ઉપર હાજર હતાં, ત્યારે તેનો પિતરાઈ કાકાભાઈ સમીર અબ્દુલ શેખ ત્યાં આવ્યો હતો અને બંન્ને ને ધમકાવ્યાં હતા કે, તમે કેમ આ દુકાનમાં પાનનો ગલ્લો શરૂ કર્યો છે?

જેથી તેઓએ કહ્યું કે,આ બંન્ને દુકાન તમો એ મારી સગી બહેન આઈશાને કરાર લેખથી લખી આપી હોવાથી બહેનની મંજુરીથી જ પાનનો ગલ્લો શરૂ કર્યો છે અને આ કરાર લેખ બહેન પાસે છે.જો કે તે સમયે સમીર અબ્દુલ શેખ ત્યાંથી જતો રહ્યો હતો,પરંતુ તે રાત્રે-૧૦:૧૫ કલાક ના સુમારે તે ફરી નાગોરી વાડમાં મોહંમદ સલામુદીન શેખના ઘરે આવ્યો હતો અને તેઓને ગંદી નાલાયક ગાળો બોલી મોહંમદ શેખને ઢીક્કા-મુક્કીનો માર મારી ઝઘડો કરી જતો રહ્યો હતો.ત્યારબાદ સમીર ફરી રાત્રે-૧૧:૪૫ કલાકના સુમારે ફરી તેની પત્ની આતેકાબાનુ અને તેના ભાઈ ઈમરાન શેખ સાથે ત્યાં આવ્યો હતો અને ત્રણેએ ભેગા મળી બંન્ને ભાઈઓ સાથે મારામારી અને ઝપાઝપીથી બબાલ મચાવતાં તેઓને ગળા,મોઢા અને પેટના ભાગે મૂઢ માર માર્યો હતો.જયારે સમીરે ધારીયાથી અને પથ્થરથી સિદીક શેખ ઉપર હુમલો કરતાં તેને પગના નળાના ભાગે ઈજા થઈ હતી.

ત્યાર બાદ આ ત્રણે ઈસમોએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી જતાં રહ્યા હતાં.જેથી મૂઢમારથી ત્રણે ઈજાગસ્તોએ સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ઓલપાડ પોલીસ મથકમાં ત્રણે આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.જો કે મારામારી બબાલની ઘટનાનો વિડિયો રહેઠાણ સ્થળે લગાવેલ સીસીટીવી કેમેરાની ફૂટેજમાં કેદ થઈ જતાં તેનો આધાર લઈ પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. શક્તિસિંહ નારૂ કરી રહ્યા છે.

# સુરત કોંગ્રેસ ને મોટું ઝટકો :પૂર્વ કોંગ્રેસ પ્રમુખ રઈસા શેખનું રાજીનામુ

## રઇસા શેખની તો યુવાન મુસ્લિમ મહિલા તરીકે સુરત શહેર ની અંદર ખૂબ જ સારી છાપ ધરાવનારા છે

• સુરત

રવિવાર ના રોજ સુરત શહેર મહિલા કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ રઈસા શેખ દ્વારા પાર્ટી ના તમામ હોદ્દાઓ તેમજ સભ્યપદ પર થી રાજીનામ આપવામાં આવ્યું સાંજ સુધી સોશિયલ મીડિયા ઉપર આ રાજીનામા નું વિષય ખૂબ જ ચર્ચા નું વિષય બની ગયો રાજીનામાં પાછળ અંક બંધ કારણો લોકો શોધવા લાગ્યા સુરત શહેર ની અંદર કાર્યકર્તાઓ દ્વારા પાર્ટી છોડવાનું કિસ્સો યથાવત જારી છે મળતી માહિતી મુજબ 10 થી 15 દિવસ પહેલા મહિલા કોંગ્રેસની 11 સભ્યોએ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલા ઉપર અસભ્ય વર્તન તેમજ મહિલા વિરોધી માનસિકતા નું આરોપ લગાવી ને પાર્ટી છોડી હતી એ ઘટના ના એકજ દિવસ પછી પૂર્વ કોર્પોરેટર મમતાબેન સવાણી ને રઈસા શેખ ની જગ્યા શહેર મહિલા પ્રમુખ ના હોદ્દા ઉપર નિમણૂક કરવામાં આવ્યું ત્યાર થી પ્રદેશ કોંગ્રેસ થી લઈને દિલ્હી કોંગ્રેસ ના તમામ મોટા નેતાઓ નું સંપર્ક રઈસા શેખ દ્વારા કરવામાં આવ્યો પરંતુ રાષ્ટ્રીય સ્તર થી લઈને પ્રદેશ અને શહેર સ્તર ના નેતાઓ દ્વારા કોઈપણ પ્રકાર નું સાથ સહકાર અથવા સમર્થ ન મળવા થી રઈસા શેખ દ્વારા આખરે દુ:ખી મનથી કોંગ્રેસ પાર્ટી ના તમામ હોદ્દા પરથી રાજીનામ આપી દીધું. વાત કરીએ રઈસા શેખની તો યુવાન મુસ્લિમ મહિલા તરીકે સુરત શહેર ની અંદર ખૂબ જ સારી છાપ ધરાવનાર રઈસા શેખ નું ઉધના વિધાનસભા લીંબાયત વિધાનસભા તેમજ શહેર માં અનેક સંસ્થાઓ ની અંદર સારી પકડ છે પોલીસ ખાતામાં તેમનું નામ ખૂબ જ સન્માન થી લેવામાં આવે છે રઈસા શેખ ની છવી ખૂબ જ ઈમાનદાર યુવા લડાયક મહિલા નેતા ની જેમ છે અને નારી ન્યાય તેમજ સન્માન માટે તેઓ અનેકવાર મોટા મોટા આંદોલનો કર્યા છે આવનાર મહાનગરપાલિકાની ચૂંટણીમાં શેખની કમી શહેર કોંગ્રેસને અનુભવશે.




# સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે દેશના ઉધોગપતિ મુકેશ અંબાણી અને અંનત અંબાણી એ દર્શન કર્યા



• વિપુલ લુહાર,બોટાદ

બોટાદ જીલ્લાના વિશ્વપ્રસિદ્ધ શ્રી સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે દેશના ઉધોગપતિ મુકેશ અંબાણી અને અંનત અંબાણી દર્શન કરવા પહોચ્યાં હતા.મુકેશ અંબાણી અને તેનો પુત્ર અંનત અંબાણીએ કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાની પૂજા અર્ચના કરી દર્શન કર્યા હતા.મુકેશ અંબાણી અને અંનત અંબાણીએ મંદિર પરિસરમાં ગૌ પૂજન કર્યુ તેમજ ધ્વજા ચઢાવી હતી. સાળંગપુર હનુમાનજી મંદિરની લાઈવ આરતી જીયો પર લાઈવ કરવા કોઠારી સ્વામીએ મુકેશ અંબાણીને કહેતા મુકેશ અંબાણીએ તેના દિકરા અંનત અંબાણીને સુચના આપી હોવાનું સ્વામીએ જણાવ્યું છે.દેશના ઉધોગપતિ મુકેશ અંબાણી અને અંનત અંબાણીને જોવા સાળંગપુર ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટયા હતા.મુકેશ અંબાણી અને અંનત અંબાણી દર્શન કરી રવાના થતાં લોકોએ જયશ્રી રામના નારા લગાવ્યા હતા.

"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત

# બગવદર પોલીસ દ્વારા કબ્જે કરાયેલ ફોર વ્હીલ કારમૂળ માલિકને પરત

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લાના બગવદર વિસ્તારમાં વ્યાજખોરીના ગુનામાં પોલીસે કરેલી કાર્યવાહી દરમ્યાન આરોપીઓ પાસેથી કબ્જે કરાયેલા વાહનને "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા છે. મ્હે. જુનાગઢ રેન્જના પોલીસ મહાનીરીક્ષક નિલેશ જાજડીયા સાહેબ તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા સાહેબના માર્ગદર્શનમાં, કોર્ટના આદેશોને અનુસરતા ગુન્હાના કામે કબ્જે કરાયેલા સોનાના દાગીના, વાહનો, મોબાઈલ સહિતના મુદામાલને માલિકોને પરત કરવાની કામગીરી જિલ્લામાં સતત અમલમાં મૂકવામાં આવી રહી છે. તે મુજબ પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુનાં માર્ગદર્શન હેઠળ બગવદર પોલીસ સ્ટેશનના પો.સબ. ઈન્સ્પેકટર આશિષકુમાર એસ. બારા તથા સ્ટાફે બગવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પાર્ટ-A ૧૧૨૧૮૦૦ ૩૨૫૦૫૬૨/૨૦૨૫, આઈ.પી. સી કલમ ૫૦૬(૨), ૩૮૬, ૧૧૪ તથા ગુજરાત નાણાની મનીલેન્ડર્સ એક્ટ ૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨,મુજબના કામેના આરોપીના ગેરકાયદેસર કબ્જામાંથી જપ્ત કરાયેલા મુદામાલ માં વાહન માં ફોરવ્હીલ કાર રજિસ્ટ્રેશન નંબર GJ-01-KD- 5888 મુળ માલિકને વિધિવત પરત તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પરત સોંપવામાં આવેલ છે. આ કામગીરીમાં પો.સબ.ઈન્સ. આશિષકુમાર એસ. બારા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.આર. સીસોદીયા તથા પોલીસ કોન્સ્ટેબલ વિંજાભાઈ હાજાભાઈ રાણાવાયા સહિતના અધિકારી મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવેલી છે.



**સામાજિક સુધારાની નવી લહેર** ઠાકોર સમાજના 16 નવા નિયમ ભાગીને લગ્ન કરનારને નહી સ્વીકારાય : સમાજના ખર્ચા ઓછા થાય અને સમાજ શિક્ષિત બને તે ઉદ્દેશ્ય

# વાવ-થરાદ,બનાસકાંઠા, પાટણ જિલ્લાનું ઠાકોર સમાજના બંધારણ માટે મહાસંમેલન યોજાયું

## બંધારણને ફોટાથી મઢાવી લેમિનેશન કરી એક કોપી દીકરીને લગ્નસમયે માંડવે ભેટ સ્વરૂપે આપવાની રહેશે, જેથી વેવાઈ ને વેવાણ મોઢું ના મરડે



• પ્રધાનજી ઠાકોર

